RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 307* Date: 04.09.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### સોનાલી ફોગાટના પીએ સુધીરે કબૂલ્યું

## ગોવામાં કોઈ શૂટિંગ નહોતું, મેં જ કાવતરું ઘડીને સોનાલી ફોગાટને મારી નાંખી

**જો કે, ગોવાના ડીજીપી જસપાલ સિંહે આ વાતને નકારી કાઢી છે. તેમનું કહેવું છે કે સુધીરે આવી કોઈ વાતને સ્વીકારી નથી**



હિસાર,તા.૩

સોનાલી ફોગાટ હત્યા કેસના મુખ્ય આરોપી સુધીર સાંગવાને રિમાન્ડ દરમિયાન પોતાનો ગુનો કબૂલી લીધો છે. આરોપીએ હત્યાનું કાવતરું ઘડ્યાની પણ કબૂલાત કરી છે. જો કે, ગોવાના ડીજીપી જસપાલ સિંહે આ વાતને નકારી કાઢી છે. તેમનું કહેવું છે કે સુધીરે આવી કોઈ વાતને સ્વીકારી નથી. જો આવી કોઈ માહિતી હશે તો મીડિયાને જાણ કરવામાં આવશે.

બીજી તરફ ગોવા પોલીસના એક સૂત્રએ જણાવ્યું છે કે સુધીર સાંગવાને સોનાલી ફોગાટની હત્યાનું કાવતરું ઘડવાનું કબૂલ્યું છે. સુધીર જ કાવતરું ઘડીને સોનાલીને ગુરુગ્રામથી ગોવા લાવ્યો હતો. ગોવામાં શૂટિંગ કરવાનો કોઈ પ્લાન નહોતો. સોનાલીની હત્યાનું કાવતરું ઘણા સમય પહેલાં ઘડવામાં આવ્યું હતું. ગોવા પોલીસે આ હત્યા કેસમાં કેટલાક નક્કર પુરાવા એકઠા કર્યા છે, જે સુધીર સાંગવાનને દોષિત ઠેરવવા માટે પૂરતા છે. જ્યારે, ગોવાના સીએમ પ્રમોદ સાવંતે ટૂંક સમયમાં જ ચાર્જશીટ દાખલ કરવાની સૂચના આપી છે.

ગોવાના અંજુના પોલીસ સ્ટેશનની પોલીસ ૨૩ ઓગસ્ટે ગોવાની કર્લીઝ રેસ્ટોરન્ટમાં થયેલા હત્યાકાંડની તપાસ કરી રહી છે. સુધીર-સુખવિન્દર વિરુદ્ધ હત્યાનો અને અન્ય ૩ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે પાંચેયની ધરપકડ કરી છે. પાંચ લોકોનાં નામ છે- સોનાલી ફોગાટના પીએ સુધીર સાંગવાન, તેના પાર્ટનર સુખવિંદર, રૂમબોય દત્તા પ્રસાદ ગાઓંકર, કર્લીઝ ક્લબના માલિક એડવિન અને રમા માંડ્રેકર.

સુધીર અને સુખવિંદરે કાવતરું ઘડીને સોનાલીની હત્યા કરી છે. દત્તા પ્રસાદે સુધીરને ૧૨ હજાર રૂપિયામાં ડ્રગ્સ આપ્યું હતું. આ કામ માટે સુધીરે દત્તાને બે વખત રૂપિયા ૫૦૦૦ અને ૭૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા. એડવિને તેની રેસ્ટોરન્ટમાં ડ્રગ્સના ઉપયોગનો વિરોધ કર્યો ન હતો. રમા માંડ્રેકર ડ્રગ્સ સ્મગલર છે, જેની પાસેથી દત્તા પ્રસાદે ડ્રગ્સ લીધું અને સુધીરને આપ્યું હતુ.

ગોવાના જસપાલસિંહના જણાવ્યા અનુસાર, સુધીર અને સુખવિંદરે કબૂલાત કરી છે કે તેમણે ૨૨ ઓગસ્ટની રાત્રે સોનાલીને બળજબરીથી ડ્રગ્સ આપ્યું હતું. તેને પ્રવાહીમાં ભેળવીને મેથેમફેટામાઈન કેમિકલ આપવામાં આવ્યું હતું. સુધીર પાણીની બોટલમાંનો બચેલો પદાર્થ કર્લીઝની ક્લબમાં લઈ ગયો. સુધીર બાકીના ડ્રગ્સને પાણીની બોટલમાં ભરીને ક્લબમાં લઈ ગયો હતો. તેણે આ જ પદાર્થ ડાન્સ ફ્લોર પર પીધો હતો. સીસીટીવીમાં સોનાલીને નશીલો પદાર્થ આપતો સુધીર નજરે પડ્યો છે.

સોનાલીની તબિયત લગભગ ૨.૩૦ વાગ્યે ડ્રગના ઓવરડોઝને કારણે બગડતાં બંને તેને વોશરૂમમાં લઈ ગયાં હતાં. ત્યાં સોનાલીને ઊલટી થઈ હતી. થોડીવાર પછી તે પાછી આવી અને ડાન્સ કરવા લાગી. સાંજે ૪.૩૦ વાગ્યાની આસપાસ ફરી ટોઈલેટમાં ગઈ, પરંતુ તે પોતે ચાલી કે ઊભી પણ રહી શકતી નહોતી. સુધીર-સુખવિંદર તેને લઈને ગયા તો તે ટોઈલેટમાં જ સૂઈ ગઈ હતી. તે બંને ત્યાં જ બેસી રહ્યા હતા. સવારે બંને પહેલા સોનાલીને પાર્કિંગમાં લઈ ગયા હતા, ત્યાંથી ગ્રાન્ડ લિયોની રિસોર્ટ લાવ્યા, જ્યાંથી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યારે ડ્રગ્સની બોટલ લેડીઝ ટોઈલેટમાં છુપાવી દીધી હતી.

ભાજપ નેતા સોનાલી ફોગાટ હત્યાકાંડની કેસ હિસ્ટ્રી તૈયાર કરવામાં આવી છે. જેમાં ગોવા પોલીસે સોનાલીની હત્યાની કહાની સંભળાવી છે. આ રિપોર્ટ અનુસાર સોનાલી ફોગાટ ૨૨ થી ૨૫ ઓગસ્ટ સુધી ગોવાની ટૂર પર હતી. સોનાલી, સુધીર સાંગવાન અને સુખવિંદર સાથે ૨૨ ઓગસ્ટમાં ફ્લાઈટ દ્વારા ગોવા આવી હતી. સુધીર અને સુખવિંદર દ્વારા સોનાલીને ડ્રગ્સ આપવામાં આવ્યું હતું અને તેની હત્યા કરવામાં આવી હતી. સુધીરે જ ડ્રગ્સ ખરીદ્યું હતુ અને પ્રવાહીમાં ભેળવીને બોટલથી સોનાલીને પીવડાવ્યું હતુ.

ગોવા પોલીસના જણાવ્યા અનુસાર, સુધીર સાંગવાનની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું છે કે સોનાલીને આપવામાં આવેલી દવા મેથામ્ફેટામાઈન એટલે કે સ્ઢ છે. રિપોર્ટમાં સોનાલીનું ગોવા પહોંચવું, કર્લીઝની રેસ્ટોરન્ટમાં ડ્રગ્સ મળી આવ્યું, સોનાલીને ડ્રગ્સ આપવામાં આવ્યું, તેની હત્યા, હત્યા સાથે જોડાયેલા પુરાવા, સાક્ષીઓનાં નિવેદન, પોસ્ટમોર્ટમ રિપોર્ટ, ફોરેન્સિક તપાસ રિપોર્ટ વગેરે માહિતી ઉપલબ્ધ છે. અંજુના પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર પ્રશાલ દેસાઈએ આ રિપોર્ટ તૈયાર કર્યો હતો.

## ૨૦૧૩માં અધ્યાદેશ ફાડવાની ઘટનાથી મનમોહનસિંહ નારાજ હતા, રાજીનામુ આપવાના હતાં:ગુલામ નબી આઝાદ

**તેઓ એક સિનિયર નેતા હતાં તેમણે દુરનું વિચાર્યુ કે આમ કરવાથી રાહુલ ગાંધીના કેરિયરને નુકસાન થશે ઉમર ભર રહેશે કે તેમને કારણે વડાપ્રધાને રાજીનામુ આપ્યું**

નવીદિલ્હી,તા.૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધુ છે અને હવે તેઓ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી પર પ્રહારો કરી રહ્યાં છે.પોતાના રાજીનામાના પત્રમાં પણ રાહુલની હરકતોને લઈને સવાલ ઉભા કરી આરોપ લગાવ્યો હતો કે તેઓ ચમચાઓની સેનાથી ઘેરાયેલા છે. ગુલામ બની આઝાદે રાહુલ ગાંધીની બચકાની હરકતોનો ઉલ્લેખ કરતા વર્ષ ૨૦૧૩ની એક ઘટનાનું ઉદાહરણ આપ્યું હતું જયારે તેમણે પોતાની જ સરકાર દ્વારા પાસ કરાવવામાં આવેલ એક અધ્યાદેશને જાહેરમાં ફાડી નાખ્યો હતો આ અધ્યાદેશ સુપ્રીમ કોર્ટના તે નિર્ણયની વિપરિત હતો જેમાં કોઇ પણ મામલામાં દોષી જણાતા સાંસદો ધારાસભ્યોનો સભ્ય પદ રદ કરવાની વાત કહેવામાં આવી હતી.એક અંગ્રેજી અખબારને આપેલ મુલાકાતમાં આઝાદે દાવો કર્યો છે કે રાહુલ ગાંધીની તે હરકતથી કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતા શર્મિદા થયા હતાં તે સમયના વડાપ્રધાન ડો મનમોહનસિંઘ એટલા નારાજ થયા હતાં કે તેમણે રાજીનામુ આપવાનું મન બનાવી લીધુ હતું આ ઘટના સમયે હું દિલ્હીમાં ન હતો હોત તો પણ કંઇ કરી શકયો ન હોત.પરંતુ ટીવી ચેનલો પર અધ્યાદેશને ફાડનારૂ દ્રશ્ય જોઈ મારા મનમાં એક જ વાત આવી ચાઈલ્ડિશ (બચકાની હરકત) કોઈ પણ વરિષ્ઠ રાજનેતા આવું પગલું ઉઠાવતા રહેલા દસ વાર વિચેરે તમે કહ્યું હું ફાડી દઈશ અને ફાડી દીધુ આ તો કોઈ બાળક જ કરે

ગુલામ નબી આઝાદે કહ્યું કે અધ્યાદેશ ફાડયા બાદ પાર્ટીના તમામ નેતા સ્તબ્ધ હતાં મનમોહનસિંઘ રાજીનામુ આપવાનું વિચારી રહ્યાં હતાં પરંતુ તેઓ એક સિનિયર નેતા હતાં તેમણે દુરનું વિચાર્યુ કે આમ કરવાથી રાહુલ ગાંધીના કેરિયરને નુકસાન થશે ઉમર ભર રહેશે કે તેને કારણે વડાપ્રધાને રાજીનામુ આપ્યું પાર્ટી પર પણ આંચ આવતી અને સરકાર પર તો આવતી જ આ ફર્ક છે જો કે ગુલામ નબી આઝાદને જયારે પુછવામાં આવ્યું હતું કે તેના પર સોનિયા ગાંધીની શું પ્રતિક્રિયા હતાં તો તેમણે કહ્યું કે મારી આ બાબતમાં કોઈ વાત થઈ ન હતી

એ યાદ રહે કે જે સમયે રાહુલ ગાંધીએ અધ્યાદેશની કોપી ફાડી હતી તે સમયે ડો મનમોહનસિંધ અમેરિકાના પ્રવાસે હતાં તેમની સાથે યોજના આયોગના તે સમયના ઉપાધ્યક્ષ ડો મોટેક સિંહ અહલુવાલિયા પણ હતાં.અહલુવાલિયાએ પણ પોતાના પુસ્તક બેકસ્ટેજ ધ સ્ટોરી બિહાઇડ ઈડિયાઝ હાઇ ગ્રોથ ઈયર્સમાં મનમોહનના રાજીનામા આપવાની વાતનો ઉલ્લેખ કર્યો છે તેમણે લખ્યું હતું કે જો મનમોહનસિંધે મને પુછયુ હતું કે શું મારે રાજીનામુ આપી દેવું જોઈએ.મેં કહ્યું કે આ મુદ્દા પર રાજીનામુ આપવું કયારેય યોગ્ય રહેશે નહીં.

### ઉદ્ધવ પછી હવે નીતિશની પાર્ટીમાં પણ ફૂટ

## જદયુના ૭માંથી ૫ ધારાસભ્ય ભાજપમાં સામેલ થયા, ધારાસભ્ય ભાજપમાં સામેલ

### પાર્ટીએ એનડીએ ગઠબંધન છોડવાના નિર્ણયથી નારાજ

શિલોગ,તા.૩

પટનામાં જદયુની રાષ્ટ્રીય કાર્યકારી બેઠક થાય તે પહેલાં જ પાર્ટીને જોરદાર ઝટકો લાગ્યો છે. મણિપુરમાં જડીયુના ૭માંથી ૫ ધારાસભ્યોએ પક્ષપલટો કરી લીધો છે. તે પાંચેય સભ્યો ભાજપમાં સામેલ થઈ ગયા છે. નોંધનીય છે કે, ૨ મહિના પહેલાં એકનાથ શિંદે શિવસેનાના અમુક બળવાખોર ધારાસભ્યો સાથે પાર્ટીથી અલગ થયા હતા અને ત્યારપછી બીજેપી સાથે મળીને સરકાર બનાવી દીધી હતી.ભાજપમાં સામેલ થનારા જેડીયુના પાંચ સભ્યોમાં કે.એચ.જોયકિશન, એન સનાતે, મોહમ્મદ અછબ ઉદ્દીન, પૂર્વ પોલીસ કમિશનર એએમ ખાઉટે અને થાંગજામ અરુણ કુમાર સામેલ છે.મણિપુર વિધાનસભા સચિવાલયે પણ આ લોકો ભાજપમાં સામેલ થયા હોવાની માહિતી આપી છે. જદયુએ આ વર્ષે માર્ચમાં મણિપુર વિધાનસભા ચૂંટણીમાં ૩૮ સીટો પર ઉમેદવાર ઉતાર્યા હતા. તેમાં છ સીટો પર જીત મળી હતી. હવે ત્યાં માત્ર એક જ ધારાસભ્ય જદયુમાં વધ્યો છે.

માનવામાં આવે છે કે, દરેક ધારાસભ્યો ત્હેંએ દ્રહ્છ સાથે ગઠબંધન તોડવાના નિર્ણયથી નારાજ છે. આ નિર્ણય નીતિશ કુમારની તે જાહેરાત પછી લેવામાં આવ્યો છે જેમાં તેમણે મણિપુર ભાજપ સરકાર પાસેથી તેમનું સમર્થન પરત લેવાની વાત કરી છે. અહીંથી જ રાજકારણની શરૂઆત થઈ છે. એક બાજુ ત્હેંએ આને ગેરબંધારણીય ગણાવ્યું છે જ્યારે બીજી બાજુ બીજેપીએ આ ધારાસભ્યોનું દિલથી સ્વાગત કર્યું છે.

બિહારના પૂર્વ ઉપ-મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીએ આ મુદ્દે ત્હેં પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે ટ્વિટ કર્યું છે- અરુણાચલ પછી મણિપુર પણ ત્હેં મુક્ત. ખૂબ જ ટૂંક સમયમાં લાલુજી બિહારને ત્હેં મુક્ત પણ કરી દેશે. તાજેતરમાં જ અરુણાચલ પ્રદેશમાં પણ ત્હેંના એક ધારાસભ્ય ભાજપમાં સામેલ થઈ ગયા હતા.

એકનાથ શિંદે શિવસેના સામે બળવો કરીને ૨૧ જૂને ૩૦ ધારાસભ્ય સાથે પહેલા સુરત અને પછી ગુવાહાટી જતા રહ્યા હતા. બાદમાં તેમની સાથે શિવસેનાના બીજા કેટલાક અને ૧૧ અપક્ષ ધારાસભ્ય પણ જોડાયા. આ નવ દિવસના ઘટનાક્રમ અને સુપ્રીમ કોર્ટ દ્વારા બહુમતી પરીક્ષણ નહીં ટાળવાનો ચુકાદો આપ્યા પછી ઉદ્ધવ ઠાકરેએ બુધવારે રાતે સીએમ પદ અને વિધાન પરિષદના સભ્યપદેથી પણ રાજીનામું આપી દીધું હતું.

## દેશનાં ૧૯ મોટાં શહેરોમાં કરાયેલી ધરપકડોમાં ૪૩,૬૦૫ સાથે સુરત ચોથા અને ૩૪,૨૩૭ સાથે અમદાવાદ ૫મા ક્રમે

નવીદિલ્હી,તા.૩

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી)એ હાલમાં જ જાહેર કરેલા રીપોર્ટમાં ૨૦૨૧નાં વર્ષમાં ઈન્ડિયન પીનલ કોડ આઈપીસી તેમજ સ્પેશ્યલ એન્ડ લોકલ લો એસએલએલ હેઠળ દેશનાં સૌથી મોટા ૧૯ શહેરોમાં થયેલી ધરપકડોની વિગતો બહાર પાડી છે. આ ધરપકડોમાં ગુજરાતનાં અમદાવાદ અને સુરત શહેરોમાં થયેલી ધરપકડોની સંખ્યાએ દેશનાં મોટા શહેરોને પાછળ છોડી દીધા છે.

| શહેરવાર ધરપકડ | |
|---|---|
| દિલ્હી | ૧,૨૯,૯૨૫ |
| ચેન્નઇ | ૮૫,૯૪૬ |
| મુંબઇ | ૭૯,૦૫૨ |
| સુરત | ૪૩,૬૦૫ |
| અમદાવાદ | ૩૪,૨૩૭ |
| બેંગલોર | ૨૪,૯૭૦ |
| નાગપુર | ૧૬,૦૦૧ |
| જયપુર | ૧૫,૫૪૨ |
| એસએલએલ હેઠળ ટોચની ધરપકડો | |
| ચેન્નઇ | ૮૨,૮૯૩ |
| અમદાવાદ | ૮૦,૮૬૧ |
| સુરત | ૫૧,૪૬૯ |
| દિલ્હી | ૨૨,૭૯૪ |
| મુંબઇ | ૨૦,૮૯૫ |
| બેંગલોર | ૧૬,૦૫૪ |
| કોચી | ૧૧,૦૪૫ |
| કોઇમ્બતુર | ૧૦,૮૧૨ |

આઈપીસી હેઠળ થયેલી ધરપકડમાં સુરત દિલ્હી, મુંબઈ અને ચેન્નઈ પછી ચોથા નંબરે અને અમદાવાદ પાંચમાં નંબરે છે. ગુજરાતનાં બે શહેરોએ હૈદરાબાદ, બેંગલોર, કોલકાતાને પાછળ રાખી દીધા છે.

જ્યારે એસએલએલ હેઠળ થયેલી ધરપકડમાં ચેન્નઈ પછી અમદાવાદ બીજા અને સુરત ત્રીજા નંબરે છે. જેમાં દિલ્હી, મુંબઈ, બેંગલોર, કોલકાતા જેવા શહેરો પાછળ છૂટી ગયા છે.

એનસીઆરબીના આ રીપોર્ટમાં ઈન્ડિયન પીનલ કોડ હેઠળ નોંધાતા આશરે ૧૩૦ જેટલા ગુનાની વિગતો નોંધાઈ છે.

## શરાબ લોકોમાં એકતા વધારે છે : છત્તીસગઢના મંત્રી

બલરામપુર,તા.૩

છત્તીસગઢના સ્કુલ શિક્ષા મંત્રી પ્રેમસાય સિંહ ટેકામ નશામુક્તિ કાર્યક્રમમાં આપેલા પોતાના નિવેદનથી ચર્ચામાં આવી ગયા છે.આ દરમિયાન તેમણે હરિવંશ રાય બચ્ચનની જાણીતા પુસ્તક મધુશાળાની પંક્તિઓ વાંચી ત્યાં સુધી કહી દીધુ કે શરાબ લોકોને એક કરે છે પરંતુ તેનુ સેવન નિયંત્રિત રીતે એક જ સમયે કરવું જોઈએ.

તેમના આ નિવેદન બાદ ભાજપે તેમના પર પ્રહારો કર્યા છે અને કહ્યું છે કે મુખ્યમંત્રી ભુપેશ બધેલના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારમાં કાર્ટૂનોની કમી નથી

વાડ્રાફનગરમાં પોલીસ દ્વારા પોતાના નશા મુક્તિ અભિયાન હેઠળ આયોજીત કાર્યક્રમમાં સ્કુલના બાળકો સામેલ થયા હતાં આ દરમિયાન ટેકામના ભાષણની એક મિનિટની વીડિયો સોશલ મીડિયા પર વાયરલ થઇ ગઇ મંત્રીએ પોતાના ભાષણમાં કહ્યું કે હરિવંશ રાય બચ્ચનજીએ લખ્યું છે કે મંદિર મસ્જિદ ઝઘડા કરાવે છે ,પરંતુ એક કરાવે છે મધુશાલા પરંતુ તેના પર (શરાબના સેવન પર) નિયંત્રણ હોવું જોઈએ તમારે ખુદ નિયંત્રણ રાખવું જોઈએ

ટેકામે કહ્યું કે મેં એક બેઠકમાં ભાગ લીધો હતો જયાં એક વર્ગે તેના દુષ્પ્રભાવોનો હવાલો આપતા શરાબના સેવનનો વિરોધ કર્યો જયારે બીજા વર્ગે તેના લાભનો હવાલો આપતા તેનું સમર્થન કર્યું શરાબ તમામને એક કરે છે અમે તેને કયારેક કયારેક સમારોહ અને ચુંટણીઓમાં પણ ઉપયોગ કરીએ છીએ તેમણે કાર્યક્રમમાં હાજર લોકોને શરાબના દુષ્પરિણામોની બાબતમાં સલાહ આપી અને કહ્યું કે તેની લત લાગવી જોઈએ નહીં.

## ૧૫થી વધુ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે

નવીદિલ્હી,તા.૩

દેશના ઘણા વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયેલો છે અને આગામી સમયમાં આવો જ માહોલ રહેશે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે, દેશમાં ચોમાસુ સક્રિય રહેવાથી આગામી ૪ દિવસ સુધી ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં અને મધ્ય ભારતમાં વરસાદ પડવાની શક્યતા છે. આઈએમડીનું એલર્ટ છે કે, જે વિસ્તારમાં વરસાદ પડવાનો છે ત્યાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ બને તેવી પણ શક્યતા છે. અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં પણ વીજળી પડવાની સાથે સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આજે અને કાલે વરસાદની સંભાવના છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં આજે પણ ભારે વરસાદ પડવાની સંભાવના છે.ત્યાં જ પશ્ચિમ મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ગઈ કાલે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. મધ્યપ્રદેશથી છત્તીસગઢ સુધીમાં ૬ સપ્ટેમ્બર સુધીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના ઉપરવાસમાં , કાલે અને ૬ સપ્ટેમ્બરે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઓરિસ્સામાં પણ ૫ અને ૬ સપ્ટેમ્બરે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.દક્ષિણ ભારતમાં કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં મેઘરાજાનો કહેર જોવા મળ્યો છે અને ૬ સપ્ટેમ્બર સુધી આવો જ માહોલ રહેશે.

## તંત્રી સ્થાનેથી...

# અસલી સરપંચ

દેશની એ વિટંબણા કહી શકાય કે સૌથી નાની સંસદ દ્વારા રાજકીય-સામાજિક જીવનમાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધારવા માટે જે વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી હતી, તેને પુરુષ પ્રધાન સમાજના વર્ચસ્વએ નિષ્પ્રભાવી બનાવી દીધી છે. પંચાયતોમાં ચૂંટણી તો મહિલા ઉમેદવારના નામે લડાય છે, પરંતુ કામકાજી વ્યવહાર મહિલાઓના પતિ જ કરે છે. પહેલેથી જ રાજકારણમાં આગળ પડતા લોકો પોતાની સીટ અનામત આવે ત્યારે પરિવારની મહિલાઓને ચૂંટણીમાં ઊભી કરી દે છે, પરંતુ તેમનો હેતુ પડદા પાછળથી રાજનીતિ કરવાનો હોય છે. હદ તો ત્યારે થઈ જાય છે જ્યારે ચૂંટાયેલ મહિલાઓના પતિ જ બ્લોક અને જિલ્લા સ્તરે થનારી બેઠકોમાં સત્તાવાર ભાગ લે છે! એવામાં આ ગેરકાનૂની પરંપરાને ખતમ કરવાની દિશામાં પંજાબની આમ આદમી પાર્ટી સરકારની પહેલ સ્વાગત યોગ્ય છે. સરકારે 'સરપંચ પતિ' પ્રથાને બિલકુલ સહન નહિ કરવાની વાત કહેતાં આદેશ આપ્યો કે મહિલા સરપંચોના પતિ કે સંબંધી હવે છદ્મ રૂપે વિભાગીય કાર્યવાહીમાં ભાગ નહીં લઈ શકે. સત્તાવાર બેઠકોમાં હવે ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓએ જ ભાગ લેવો પડશે. હંમેશાં એમ કહેવાય છે કે લગભગ એંસી ટકા મહિલા સરપંચ કઠપૂતળી રૂપે કામ કરે છે. હાલમાં કાયદો વ્યવસ્થાની મજાક ઉડાવતી ઘટના મધ્ય પ્રદેશમાં જોવા મળી હતી, જ્યાં ત્રણ ચૂંટાયેલ મહિલા સરપંચોના પુરુષ સંબંધીઓને બેશરમીથી શપથ અપાવ્યા હતા.

પ્રોક્સી સરપંચ એ સમાજમાં પુરુષ વર્ચસ્વની માનસિક ગ્રંથિનો જ વિસ્તાર છે, જે ચૂંટાયેલા મહિલા સરપંચોને નિર્ણય લેવાના અધિકારથી વંચિત કરે છે. ૧૯૯૨માં કાયદામાં સંશોધન કરીને પંચાયતોમાં મહિલાઓને તેત્રીસ ટકા અનામત એ હેતુથી આપવામાં આવી હતી કે મહિલાઓને રાજકીય રૂપે સશક્ત કરવામાં આવે, પરંતુ આજે ત્રણ દાયકા બાદ પણ અપેક્ષિત બદલાવ જોવા મળ્યો નથી. નિગમોની કાર્યપ્રણાલીમાં મહિલા પ્રતિનિધિઓની ભાગીદારી નામ માત્રની રહી ગઈ. છદ્મ સરપંચોની સક્રિયતાથી જમીની હકીકતની ખબર પડે છે. મહિલા પ્રતિનિધિ તો નામ માત્ર માટે સરપંચ બને છે, જ્યારે સત્તાનો આનંદ તેના પતિ અને સંબંધીઓ જ ઉઠાવતા રહે છે. રાજકારણની વિકૃતિ આવા પ્રોક્સી સરપંચોનું પોષણ કરતી જણાય છે. જોકે અમુક કિસ્સામાં પોતાના અધિકારોનો ઉપયોગ કરતાં મહિલા સરપંચોએ પોતાના પુરુષ સમકક્ષો કરતાં બહેતર કામ કરીને પણ બતાવ્યું છે. કાર્યશૈલીમાં બદલાવની સાથે જ સુરક્ષિત પ્રસવ, બહેતર જળ સુવિધાઓ, સ્વચ્છતા, સડકોની સંભાળ, સ્કૂલોની સ્થિતિમાં સુધાર અને સિંચાઈમાં મહિલા સરપંચોએ સફળતાના ઝંડા ખોડ્યા છે. કહી શકાય કે આ મહિલા સરપંચો મૌન ક્રાંતિની કહાની લખી રહ્યા છે. નિઃસંદેહ આ તમામ મહિલા સરપંચોને પિતૃસત્તાત્મક નિયંત્રણથી મુક્ત કરી દેવામાં આવે તો ગ્રામીણ વિકાસમાં નવા આયામ ઉમેરાશે એ નક્કી.

## અલીગઢમાં એક મહિલાએ ઘરે ગણપતિ બેસાડ્યાં તો મૌલવીએ તેના વિરોધમાં ફતવો જાહેર કર્યો

**આ લોકો દેશના ભાગલા કરવા માગે છે. આવા મૌલવી ક્યારેય સાચા મુસલમાન ન હોય શકે, આ ઉગ્રવાદી અને જેહાદી છે. : રુબી આસિફ ખાન**

અલીગઢ,તા.૩

ઉત્તર પ્રદેશના અલીગઢમાં એક મુસ્લિમ પરિવાર સામે ફતવો જાહેર કરવામાં આવ્યો છે. રુબી આસિફ ખાન નામની મુસ્લિમ મહિલાએ તેના ઘરે ગણેશજી બેસાડ્યાં છે. તેને લઈને મૌલાનાએ રૂબી વિરોધી ફતવો જાહેર કર્યો છે. રુબીએ કહ્યું છે કે, હું હિન્દુઓના દરેક તહેવારો ઉજવું છું અને આગળ પણ ઉજવતી રહીશ. તો બીજી તરફ ફતવો જાહેર કરનારી મુફ્તી અરશદ ફારૂકીએ કહ્યું હતું કે, 'ઈસ્લામમાં માત્ર અલ્લાહની ઈબાદત કરવાનું જ કહ્યું છે.'

આ ઘટના અલીગઢના થાના રોરાવર વિસ્તારની છે. શહાજમાલની એડીએ કોલોનીમાં રહેતી ભારતીય જનતા પાર્ટીની મહિલા મોર્ચની જયગંજ મંડલ ઉપાધ્યક્ષ રુબી આસિફ ખાને પતિ આસિફ ખાન સાથે ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિને બજારમાંથી લાવી અને ઘરમાં સ્થાપી હતી. રુબી આસિફ ખાને કહ્યુ છે કે, 'મેં મારા ઘરે સાત દિવસ માટે ભગવાન ગણેશજીની મૂર્તિની સ્થાપના કરી છે અને હું કોઈ જાતિ ધર્મના ભેદભાવમાં નથી માનતી. હું બધા જ ધર્મના તહેવાર મનાવું છું. આ મારા મનની આસ્થા છે. મને આ બધું કરવું ગમે છે. પૂજા-અર્ચનાને લઈને મારી સામે પહેલાં પણ ઘણાં ફતવા બહાર પડી ગયા છે.'

રુબી આસિફ ખાને હિન્દુ દેવી-દેવતાઓની પૂજા યાચના કરવા મામલે વિવાદિત નિવેદન દેનારા સહારનપુરના મુફ્તી અરશદ ફારુકીને આડેહાથ લેતા કહ્યુ છે કે, 'આ લોકો દેશના ભાગલા કરવા માગે છે. આવા મૌલવી ક્યારેય સાચા મુસલમાન ન હોય શકે, આ ઉગ્રવાદી અને જેહાદી છે. આ લોકો જ ભેદભાવ કરનારા છે. હિન્દુસ્તાનમાં રહીને હિન્દુસ્તાનની વાત કરતા નથી, આ લોકો જેહાદી છે. ફતવા બહાર પાડ્યા કરે છે. આ સાચા મુસલમાન હોત તો આવી વાતો ના કરતા.'

## કોંગ્રેસ દ્વારા રામલીલા મેદાનમાં મોંઘવારી વિરુદ્ધ હલ્લાબોલ

નવીદિલ્હી,તા.૩

કોંગ્રેસ આવતીકાલ રવિવારે દિલ્હીના રામલીલા મેદાનમાં મોંઘવારી, બેરોજગારી અને આવશ્યક ચીજવસ્તુઓ પર જીએસટી વધારાને લઈને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરશે.કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પાર્ટીના કેટલાક નેતાઓ ×મહેંગાઈ પર હલ્લા બોલ× રેલીને સંબોધિત કરશે. તેમાં દેશના અન્ય ભાગો ઉપરાંત દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશના પાર્ટી કાર્યકર્તાઓ સામેલ થશે.આ રેલી ૭ સપ્ટેમ્બરથી કન્યાકુમારીથી કાશ્મીર સુધીની વિપક્ષી પાર્ટીની ૩,૫૦૦ કિમીની ભારત જોડી યાત્રા પહેલા આવે છે, જ્યાં રાહુલ ગાંધી ચોખા અને બેરોજગારીના મુદ્દાઓને પ્રકાશિત કરવા અને સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવા દેશભરમાં ચાલશે.ભારત જોડી યાત્રા એ કોંગ્રેસ પાર્ટીનો અત્યાર સુધીનો સૌથી મોટો જનસંપર્ક કાર્યક્રમ છે, જ્યાં પાર્ટીના નેતાઓ પાયાના સ્તરે સામાન્ય લોકો સુધી પહોંચશે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા હાલમાં પૂર્વની સારવાર માટે દેશની બહાર છે અને કાર્યક્રમોમાં ભાગ લેશે નહીં.રાહુલ ગાંધી હાલમાં તેમની માતા સોનિયા ગાંધી સાથે વિદેશમાં છે, તેઓ શનિવાર સુધીમાં પાછા ફરવાના છે અને બંને મેગા-ઈવેન્ટ્સમાં ભાગ લેશે. કોંગ્રેસ મોંઘવારી અને બેરોજગારીને લઈને સરકાર પર પ્રહારો કરી રહી છે અને કહી રહી છે કે આ સામાન્ય લોકોના મુદ્દા છે અને તમામ મંચ પર ચર્ચા થવી જોઈએ.

# દક્ષિણનું બનારસ ત્રંબકેશ્વર જ્યોર્તિલિંગ



ત્ર્યંબક એટલે ત્રણ આંખોવાળા.ત્રંબકેશ્વર એ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ત્રંબક શહેરમાં આવેલું પ્રાચીન હિંદુ મંદિર છે.ત્રંબક નાસિક શહેરથી ૨૮ કિમી દૂર આવેલું છે.ત્રંબકેશ્વર શિવના ૧૨ જ્યોતિર્લિંગમાંનું એક છે. મંદિરના પરિસરમાં આવેલો કુંડ કુશાવર્ત ગોદાવરી નદીનો સ્રોત ગણાય છે.ગોદાવરી નદી દક્ષિણમાં આવેલી સૌથી લાંબી નદી છે.હાલનું મંદિર પેશ્વા બાલાજી રાવ (નાનાસાહેબ) દ્વારા બાંધવામાં આવ્યું હતું.

આ મંદિર પંદરેક ફૂટ ઊંચા કિલ્લાથી રચાયેલ છે.ઉત્તરમાં આવેલ સિંહદ્વારમાંથી દાખલ થતાં જ વિશાળ પટાંગણ આવે છે અને તેની વચ્ચે ૯૦ ફૂટ પહોળું, ૧૧૫ ફૂટ લાંબુ અને ૯૫ ફૂટ ઊંચુ અદભૂત કોતરણીવાળું કાળમીંઢ પથ્થરનું ભવ્ય મંદિર આવેલ છે.આ જ્યોર્તિલિંગ પરંપરાગત શિવલિંગ જેવું નથી. ગર્ભગૃહની અંદર વિશાળ થાળામાં અડધો ફૂટ પહોળો અને દોઢેક ફૂટ ઊંડો ખાડો છે.જે મોટેભાગે આ જ્યોર્તિલિંગના પેટાળમાં વહેતી ગૌતમી નદીના પાણીથી ભરાયેલો જ રહે છે,એથી જ્યાંથી જળનો સ્રાવ થાય છે,તે મુખને હાથથી બંધ કરી દેવામાં આવે તો તેની અંદરની દિવાલ પર થોડા ઊંડે આવેલ મોટા લીંબુ જેવડા ત્રણ લિંગો અને ચોથો ખાડો સ્પષ્ટ દેખાય છે.અહીં સ્ત્રીઓને જ્યોર્તિલિંગની પૂજા કરવાની મનાઈ છે.

ગૌતમ ઋષિને મળવા માટે સાક્ષાત ભગવાન ત્ર્યંબક રૂપે આવ્યા અને ત્ર્યંબકેશ્વરના જ્યોર્તિલિંગમાં સમાઇ જઇ સ્થાઇ બન્યા.ગૌતમ ઋષિના સમયમાં દુકાળ પડ્યો.તેજરહીત જીવન અને જ્ઞાનવિહીન જીવન આ બંન્ને ભેગા થાય એટલે દુકાળ પડે.આ દુકાળ વિચારોનો હતો,જ્ઞાનનો હતો.ભક્તિમાં પણ કોઇ વિચાર ન હતો.એકે કર્યું એટલે બીજાએ કરવાની શરૂઆત કરી.શા માટે અને કેવી રીતે કરવી તેની ખબર નહતી. વિચાર વગરની ભક્તિ લોકો કરતા હતા.વિચાર વગરનો ધર્મ હતો.વિચારના આ ભયંકર દુકાળમાં ગૌતમ ઋષિએ પ્રચંડ કાર્ય કર્યું.

ગૌતમ ઋષિએ યમરાજા પાસે જઇને મૃત્યુજ્ય જ્ઞાન મેળવ્યું અને તે જ્ઞાન લોકોને આપ્યું.જ્ઞાનવિહીન અને તેજરહીત લોકો ભેગા થાય એટલે લાચારી આવે અને ભક્તિમાં લાચારી આવે એટલે જ્ઞાન મગજમાં ઉતરે નહી તે માટે ગૌતમે શક્તિ ઉપાસના કરી નિસ્તેજ બનેલ લોકોને માર્ગદર્શન આપ્યું.

સમાજમાં જ્ઞાન અને સારા વિચારનો પ્રચાર થાય અને મનુષ્યશક્તિ વધે તે માટે ગૌતમ ઋષિએ સમાજને ચાર ઉપદેશ આપ્યા.''માનવીમાં ઈન્દ્રિયનિગ્રહ હોવો જોઇએ..માનવીમાં દયા હોવી જોઇએ.. માનવીમાં પરોપકાર વૃત્તિ હોવી જોઇએ અને માનવીમાં અભિમાનશૂન્યતા હોવી જોઇએ.''માણસ કાર્ય કરે એટલે અહંકાર આવે તે સ્વાભાવિક છે.અહંકારથી કાર્ય કરીશું તો કાર્ય ખલાસ થઇ જશે તથા સેવાકાર્યમાં ઉપકારવૃત્તિ અને સ્વાર્થ ના હોવો જોઇએ.

હજારો વર્ષ પહેલાં મહાન ઋષિ ગૌતમ અને તેમની પત્ની અહલ્યા આશ્રમમાં બીજા ઋષિઓ સાથે રહેતા હતા.ગામ હોય તો ઉકરડો હોય જ છે.કેટલાક અસંતુષ્ટ લોકોને ગૌતમની ઈર્ષ્યા થઇ.''પોતાની પ્રતિષ્ઠા ઘટે તો બીજાની ઈર્ષ્યા આવે.''ગૌતમ ઋષિને હેરાન કરવા ગણપતિની ઉપાસના કરી.ગણેશ પ્રસન્ન થયા એટલે તેમને માંગ્યું કે ગૌતમને ઉતારી પાડવો છે.ત્યારે ગણેશજીએ ઠપકો આપતાં કહ્યું કે તમે મહાન પાપી છો.જેમને તમારામાં તેજસ્વીતા અને ચૈતન્ય નિર્માણ કર્યું તેનું જ ખરાબ વિચારો છો? તમે કૃતઘ્ની છો અને બધા પાપોનું પ્રાયશ્ચિત છે પણ કૃતઘ્નતાનું પ્રાયશ્ચિત નથી.ગણેશજીએ અનિચ્છાએ વરદાન આપ્યું અને ગાય બનીને ગૌતમના ખેતરમાં ચરવા લાગી.ગૌતમે ગાયને ડંડો માર્યો અને ગાય મરી ગઇ.

આ ઘટનાનો સાંસ્કૃતિક અર્થ સમજવો જોઇએ.વિરોધીઓએ ગણપતિની ઉપાસના કરી અને ગણપતિ પ્રસન્ન થયા એનો અર્થ એ છે કે તેમણે બુદ્ધિની ઉપાસના કરી બુદ્ધિપૂર્વક એક છટકું ગોઠવ્યું તેમાં ગૌતમ ફસાય અને તેમના ઉપર ગૌ હત્યાનું આળ ચઢાવી શકાય.તેમને કહ્યું કે તમે ગૌહત્યા કરી છે માટે સપરિવાર અહીંથી ચાલ્યો જા ત્યારે ગૌતમ ઋષિએ ગૌહત્યાના પાપ-નિવારણનો ઉપાય પૂછતાં ઋષિઓએ જવાબ આપ્યો કે ગંગા નદીને અહીં બોલાવીને તેમાં સ્નાન કરવું તેમજ ૧૧ વખત બ્રહ્મગિરિ પર્વતની પ્રદક્ષિણા કરીને જો પાર્થિવ શિવલિંગને ગંગાજળથી સ્નાન કરાવશો તો પાપશુદ્ધિ થશે.ગૌતમ તથા અહલ્યાએ હિમગીરી પર્વત ઉપર તપ કર્યું.ત્રણ નેત્રવાળા ભગવાન શંકર પ્રસન્ન થઈને પ્રકટ થયા અને વરદાન માંગવા કહ્યું ત્યારે ગૌતમ ઋષિએ તેમને ગૌ હત્યાના પાપમાંથી મુક્ત થવાનું વરદાન માંગ્યું. આથી મહાદેવે કહ્યું કે તમે કોઈ પાપ કર્યું જ નથી પણ વિરોધી ઋષિઓએ વેરને કારણે ષડયંત્ર બનાવ્યું હતું.તમે હંમેશાંથી નિષ્પાપ જ છો.ભગવાનના મુખથી આ વાણી સાંભળી ગૌતમ ઋષિ સંતુષ્ટ થયા અને કહેવા લાગ્યા કે જો ઋષિઓએ આવું ન કર્યું હોત તો મને આપના દર્શન ના થાત એટલા માટે હે મહાદેવ જો તમે મારી તપસ્યાથી પ્રસન્ન થયા છો તો અહીં માઁ ગંગાને પ્રકટ કરો.ગૌતમ ઋષિના આગ્રહથી ભગવાન શિવે ગંગાને આ સ્થળ પર પ્રકટ થવાનું નિવેદન કર્યું ત્યારે માઁ ગંગાએ કહ્યું કે હું ત્યારે જ આ સ્થળ પર પ્રગટ થઈશ જયારે મહાદેવ પોતે પોતાના પરિવાર અને સમસ્ત દેવતાઓ સાથે અહીં વાસ કરશે.મહાદેવે તથાસ્તુ કહ્યું અને દરેક દેવોને કહ્યું કે દર વર્ષે જયારે બૃહસ્પતિ સિંહ રાશિમાં પ્રવેશ કરશે ત્યારે આ સ્થળે દરેક દેવતાઓનો વાસ હશે.ત્યારબાદ માઁ ગંગા તે સ્થળ પર પ્રગટ થયા અને વિશ્વમાં ગોદાવરીના નામથી ઓળખાવા લાગ્યા અને મહાદેવ લિંગ સ્વરૂપે ત્રાંબકેશ્વર જ્યોતિર્લિંગના નામથી પ્રખ્યાત થયા.

ત્ર્યંબકેશ્વર મંદિર ખૂબ જ પ્રાચીન છે.મંદિરની અંદર એક નાના ખાડામાં ત્રણ નાના-નાના શિવલિંગ છે આ ત્રણેય શિવલિંગ બ્રહ્મા વિષ્ણુ અને શિવજીના નામથી ઓળખાય છે.ગૌતમે ત્રણ આંખના વિરૂપાત્મક દર્શન વિશે પુછતાં ભગવાન કહે છે કે..''એક આંખ પ્રેમની છે.બીજી આંખ જ્ઞાનની છે અને ત્રીજી આંખ ન્યાયની છે.સંસ્કૃતિના કાર્ય કરનાર પાસે પણ ત્રણ આંખ હોવી જોઇએ.એક આંખ દયાની,બીજી કરૂણાની અને ત્રીજી આંખ કર્તવ્યદક્ષતાની.''

અહીં ગંગા નદી ગૌતમીના નામથી પૂજાય છે.એક વખત ઈન્દ્રએ અહલ્યાના રૂપથી મોહિત થઈને તેને છેતરીને તેનો ઉપયોગ કર્યો તેની સજારૂપે ભગવાન શંકરે જ્યોર્તિલિંગના સ્થાનમાંથી ઈન્દ્રને કાઢી મૂકયા તેથી ત્યાં ખાડો રહ્યો.આમ ત્રણ લિંગનું બનેલુ આ જ્યોર્તિલિંગ ત્ર્યંબકેશ્વર કહેવાય છે.નાસિક-ત્ર્યંબક અવિભાજય બની ગયેલા અંગ છે.ગોદાવરી નદીના તટે વસેલું નાસિક દક્ષિણનું બનારસ પણ કહેવાય છે કારણ કે અહીં સંખ્યાબંધ મંદિરો છે જેવા કે સુંદરનારાયણ મંદિર,કાલારામ મંદિર,ગોરારામ મંદિર, મુકિતધામ,પંચવટી અને તપોવન મુખ્ય છે.દર બાર વર્ષે અહીં કુંભમેળો ભરાય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી તા.શહેરા જી. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# પોર્ટુગલના આરોગ્ય મંત્રી માર્થા ટેમિડોને ખુલ્લો અને ખાનગી ખત!!

ડીયર માર્થા ટેમિડોજી,
આરોગ્ય મંત્રી,
પોર્ટુગલ સરકાર,
લિસ્બન.
જય પોર્ટુગલ.

તમે અમને ઓળખતા નથી.હું ગિરધરલાલ ગરબડીયા, રિપોર્ટર બખડજંતર ચેનલ અને રાજુ રદી કેમેરામેન, ફ્રોમ ગાંધીનગર-ગુજરાત-ઈન્ડિયા. લેન્ડ ઓફ ગાંધીજી!!

અરે રે આ તમને શું સૂઝયું?તમારી પાસે સલાહકાર બલાહકાર છે કે નહીં? સલાહકાર પણ આવી સલાહ આપે છે? તમે સલાહકાર બલાહકાર બદલી નાંખો!! આવી નાની અમથી વાતમાં વતેસર કરાય?? રજનું ગજ કરાય ? તલ જોવાય તેલની ધાર જોવાય.મહિલાઓ તો સહનશીલતાની મૂર્તિ કહેવાય. તો પછી આવી ભૂલ કરાય?

ખુરશી બધાને મળતી નથી. ખુરશી પર માત્ર તમારો એકલાનો હક નથી. તમારી સાત પુસ્તોનો હક્ક છે. એમના હિત અને ભવિષ્યની ખેવના કરવાની હોય. ખુરશી થી , થકી, વડે સુખ, સમૃદ્ધિ ,સંપતિ, ઐશ્રર્યનો દ્યુતગતિ રાજમાર્ગ એટલે એક્સપ્રેસ છે.!!ભાગ્યશાળી પર હાથણી સંતાનો કળશ ઢોળે છે! પોર્ટુગલની વસ્તી એક કરોડ છે. તેમાંથી તમારી પસંદગી થઇ છે , તે નાનીસુની બાબત નથી.

મંત્રી થઇએ એટલે ખાસ કામ ન કરવાનું હોય. પુલ, રસ્તા , ટાઉનહોલ,દવાખાના વગેરેનું ઉદઘાટન કરવાનું હોય, બેઠકમાં હાજરી આપવાનું હોય,ભાષણો કરવાના હોય, મંત્રી તરીકે મળતા પગારભથ્થા, મફત હવાઇ મુસાફરી, ચાર્ટર પ્લેનમા્ મહાલવાનું હોય. કોઇ ટેન્શન લેવાનું ન હોય. વિપક્ષોને ટેન્શન દેવાનું હોય.!! કામ તો બાબુ લોગે કરવાનું હોય. પ્રજાની સમસ્યા પાછળ વિદેશી હાથ હોય. મંત્રી તરીકે વાતાનુકૂલિત વાહનોમાં મુસાફરી કરવાનું કષ્ટ ઉઠાવવાનું હોય. મંત્રી તરીકે બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાન આરોગવાના હોય!પેટ પૂરેપૂરું ભરેલું હોય,પેટ તૂટૂં તૂટું થતું હોય પછી કુપોષણ,ગરાબોના નિવાળા વિશે સંવેદનાસભર કાવ્યાત્મક પ્રવચન કરવાનું અને સોશિયલ મિડિયામાં પોસ્ટ કરવાનું હોય!!

હાઇ કમાન્ડ પાછળ પાછળ પ્રેમી પ્રેમીકા પાછળ લટ્ટુ થઇને ફરે તેમ તમારે પરિભ્રમણ કરવાનું રહે. હાઇકમાન્ડને રાજી રાખવા તમ મન ધન કુરબાન કરવું એ મંત્રીની ફરજ છે!! આવું બધું કાંઇ વહીવટી સુધારણાના અહેવાલ કે કમિશનના અહેવાલમાં ન હોય, આ બધું કોઠાસૂઝના આધારે કરવાનું શીઘ્રઅતિશીઘ્ર કર્મ છે.પક્ષ કે પક્ષ બહાર ખુલ્લા, પ્રછન્ન, ગુપ્ત, સંભવિત છૂટક કે જથ્થાબંધ હરીફોને ઉગતા ડામી દેવાના હોય. બધાના કાળાકામોની કરમકુંડળી-ડાયરી હાથવગી રાખવી .જેથી યથાતથ પ્રસંગોએ દબડાવી શકાય!!

વોટસએપ,ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટેલિગ્રામ પર એકટીવ રહેવા ફોલોઅર વધારવા( જરૂર પડયે ફોલોઅર ખરીદ કરવા). જેથી હાઇકમાન્ડના મગજમાં ટેકનોસેવીની છાપ ઉભી થઇ શકે!!

રાજકારણમાં મગરની ચામડી હોવી જરૂરી છે. બિનજરૂરી આળા, લાલપીળા, રાતાપીળા, સુંવાળા,ઢીલાપોચા થવું નહીં.મનની વાત કરવી પણ ધનની વાત ન ભૂલવી. પછી ભલે ધન એક નંબરનું હોય કે દસ નંબરી. અર્થશાસ્ત્ર ધનને ઓળખે છે.

અર્થશાસ્ત્રને નૈતિક કે નીતિ સાથે સ્નાનસુતકનો સંબંધ નથી. ટકાવારી મુજબ ટેન્ડર વગેરે કરવા. મંત્રીપદ ગયા પછી કંઇ ભોજિયો ભા યાદ કરતો નથી કે ધન આપતું નથી એ વાત યાદ રાખવું

હોસ્પિટલ હંમેશા ઓવર ક્રાઉડેડ હોય છે. જેમ વીક એન્ડમાં હોટલમાં વેઈટીંગ હોય છે. આરોગ્યનું માળખું રાતોરાત અપગ્રેડ કરી શકાય નહીં. માનો કે ટ્રોમા સેન્ટર, બર્ન વોર્ડ, નિયોનેટલ કે ક્રિટિકલ સેન્ટરનું બાંધકામ-ફર્નિચર, મશીનરી વગેરેની નિર્માણ કરી શકાય. મશીન ચલાવવા કે સર્જરી કરવા માટે પેરામેડીકલ-મેડીકલ સ્ટાફ જોઇએ કે નહીં? આ માનવસંસાધન ફેકટરીમાં ઉત્પાદિત કરી શકાય નહીં.અમારે ત્યાં મેડીકલ કોલેજ, હોસ્પિટલ , દવાખાનામાં અડધોઅડધ કરતાં વધુ જગ્યા ખાલી હોવા છતાં આરોગ્ય મંત્રી તો ઠીક આરોગ્ય વિભાગના ચપરાસીએ રાજીનામું આપ્યું નથી. અમારે ત્યાં કોરોનામાં ઓકસિજનના બાટલાના ગંજ સામે દર્દી ઓકસિજન ન મળવાના લીધે ટપકી ગયો. રેમિડેસિવર કે ટોમેલોઝુલેબ ઈન્જેકશન ન મળવાના લીધે ઘણા દર્દીઓનું જીવન સમાપ્ત થયું. છતાં અમે લોકસભામાં ડંકે કી ચોટ પર કહ્યું કે ઓકસિજનની તંગીને લીધે એક પણ દર્દી મર્યો નથી. આને કાળજું કે છપ્પન ઈંચની છાતી કહેવાય!!જન્મ મરણ આપણા હાથમાં નથી. જેની લાઈફલાઇન પૂરી થઇ હોય તેને મામૂલી ડોકટર કે નર્સ કેવી રીતે બચાવી શકે?? આત્મા જીર્ણ થયેલા વસ્ત્રોની માફક સ્વહિત કે જાહેર હિતમાં દેહ બદલે છે. સ્વયં ગીતાજીમાં કહ્યું છે કે જનારનો શોક ન કરવો. આવી ઘટનાથી વ્યથિત થઇને રાજીનામું આપવું એ કોઇ સમસ્યાનો વચગાળાનો કે કાયમી ઉપાય નથી. તોફાનને જોઇ રેતીમાં શાહમૃગ માથું ખોસે એ એક પ્રકારની પીછેહઠ કહેવાય!! આફતને અવસરમાં ટ્રાન્સફોર્મ કરવાની હોય. એક ખાનગી વાત કહું ? અમારે ત્યાં કેમિકલ કાંડમાં થોડાંક લોકોની જીવન રેખા સ્માપ્ત થઇ સ્વધામ ગયા. કોઇને પણ આવેગમાં અગર આવેશમાં તણાઈને રાજીનામું આપવાનો કુવિચાર સુધ્ધાં ન આવ્યો!આને જાહેરજીવનમાં પારદ્રશિતા અને ઉચ્ચતમ કર્તવ્યનિષ્ઠ તરીકે ન મૂલવીએ તો કંઇ રીતે મૂલવીશું?

ભૂતકાળમાં કેટલાક પોચકા અને જવાબદારીનું નિર્વહન કરવામાં નિષ્ફળ ગયા તો રાજીનામાનો ધોધ વહેડાવ્યો. રેલ અકસ્માત થયો તો શાસ્ત્રીજીએ રાજીનામું આપી દીધું. આવી જ ભૂલ માધવરાસ સિંધિયા-માધવસિંહે કરેલી .તમે મંત્રી તરીકે રાજીનામું આપવાથી રેલવેના અકસ્માતો બંધ થયા? જો તેમ હોય તો રાજીનામું યોગ્ય ગણાય. અલબત, આવી ખોટી પરંપરાને અનુસર્યા નહીં પણ જડમૂળથી ઉખાડી દેવાની હોય!! રાજીનામા આપવા મંત્રી બન્યા છીએ? ખાલીપીલી મગજ ખરાબ કરો છો!!

તમે પોર્ટુગલના આરોગ્ય મંત્રી તરીકે એક ભારતીય પર્યટક મહિલાને હોસ્પિટલના વોર્ડમાં બેડ ન મળવાથી થયેલ મોતથી વ્યથિત થઇને ખુદને જવાબદાર માની રાજીનામું આપ્યું એ બહું જ ખોટું કર્યું!!આવી ઘટના બને એટલે પોર્ટુગલની હેલ્થ સિસ્ટમને બદનામ કરવાની સાજીશ અને વિદેશી ષડયંત્ર છે. પોર્ટુગલને અસ્થિર કરવાની ચાલ છે, એવું નિવેદન કરી દેવાનું હોય. તપાસ પંચની રચના કરવાની હોય! એકાદ વોર્ડબોયનો સ્કેપગોટ તરીકે ઘડોલાડવો કરી નાંખવાનો હોય!! કેમ કે નદીનું મૂળ, ઋષિનું કૂળ અને તપાસનું ફળ કોઇને મળતું નથી!! તમે રાજીનામું મુકી દો, વડાપ્રધાન ફોરવર્ડ કરી દે અને રાજીનામું મંજૂર કરી દે પછી મંજીરા વગાડવાના રહે. કારકીર્દીનો સૂર્ય ઉગતાં જ આથમી જાય. ભૂત અને ભૂતપૂર્વની કોઇ કિંમત હોતી નથી.

આપણે રાજીનામા મુકવાના હોય ખરા? આપણે લોકોને રાજીનામું આપવાનું કહેવાનું હોય!!

મંત્રી મેડમ તમને સારી રીતે સમજાવવા અમે આવવા તૈયાર છીએ. અમારી અને રાજુ રદીની પોર્ટુગીઝ આવવા જવાની બિઝનેસ કલાસની ટિકિટ કરાવી દો, સ્ટેટ ગેસ્ટ તરીકે લોજીંગ, બોર્ડિંગ, એકોમોડેશન, ટ્રાન્સપોર્ટ્શનનો લોજિસ્ટીક સપોર્ટ આપો એટલે તમને આધ્યાત્મિક માર્ગદર્શન આપીએ. અમને પગાર બગાર જોઇતો નથી. વધારે રોકાણની જરૂર હોય તો રાજકીય આશ્રયબાશ્રય આપી દો. બાકીની ટર્મ એન્ડ કંડીશન્સ રૂબરુમાં તય કરીશું!!

આપના વહેલા જવાબની રાહમાં,

ગિરધરલાલ ગરબડીયા
રાજુ રદી!!
ભરત વૈષ્ણવ

ગમગીન

આ દુનિયા કેમ મલિન છે,
આ લોક કેમ તલ્લીન છે?
બેવફાઈના આરોપો છે,
સનમને ચીટ કલીન છે?
દુન્યવી દોડ કેમ ન અટકે?
અંતે પંચમહાભૂતે વિલીન છે!!
અફવા હાથપગ વિના દોડે,
બોલો અફવા કેવી સંગીન છે!!
કંઇક અંશે નજરનો સવાલ છે,
શ્વેત શ્યામ પણ રંગરંગીન છે.
તમે તેનો હાથ પકડી ચાલ્યા,
ભરત એટલે જ ગમગીન છે
ભરત વૈષ્ણવ
૩.૯.૨૦૨૧.# કવિતા

## ૫ સપ્ટેમ્બર, "રાષ્ટ્રીય શિક્ષક દિન"

**ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરા, ગુરુ સાક્ષાત પરબ્રહ્મા, તસ્મૈઃ શ્રી ગુરુદેવ નમઃ**
**ગુરુ ગોવિન્દ દોનોં ખડ઼े, કાકે લાગૂં પાઁય ।**
**બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય ॥**

૫ સપ્ટેમ્બર એટલે 'રાષ્ટ્રીય શિક્ષક દિન '. મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન "શિક્ષક દિન" તરીકે ઊજવાય છે. આ દિવસે ૧૯૬૬ના રોજ ટીચિંગ ઈન ફ્રિડમ નામની એક સંધી પર હસ્તાક્ષર થયા હતા.આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ટીચિંગ ઈન ફ્રિડમ સંધી હેઠળ શિક્ષકોનાં અધિકારો, જવાબદારી અને શીખવા-શીખવવાનો માહોલ ઉભો કરવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. ૫ ઓકટોબર ૧૯૯૭નાં રોજ આયોજીત આ સંમેલનમાં યૂનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઈને વર્ગીકરણ કર્યુ હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષણનો મોટો ફાળો છે.આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાનાં હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે.

જો કે વિશ્વનાં જુદા જુદા દેશોમાં શિક્ષક દિન અલગ તારીખે પણ ઉજવાય છે જેમાં ભારતમાં ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન હોય છે. આ સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ખુબ સાદી અને સરળ રીતે કહી શકાય કે જે શિક્ષા આપે તે શિક્ષક.જે જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનનાં મૂલ્યોની સાચી સમજ આપે એ શિક્ષક. શિક્ષકનું યોગદાન સમાજમાં ઘણું મહત્વનું છે. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યુ. વિદ્યા જેવુ અમૂલ્ય ધન મેળવવા માટે આપણે હંમેશા એક સારા ગુરૂની શોધ કરતા આવ્યા છે. કારણ કે એક સારા શિક્ષક જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. સારા શિક્ષક એ જ છે કે જે કાર્ય કરતા પહેલા વિચારે છે, કાર્ય કરતી વખતે વિચારે છે, અને કાર્ય કર્યા બાદ પણ તેનું જ ચિંતન કરે છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછુ નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

? ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરા, ગુરુ સાક્ષાત પરબ્રહ્મા, તસ્મૈઃ શ્રી ગુરુદેવ નમઃ

? ગુરુ ગોવિન્દ દોનોં ખડ઼े, કાકે લાગૂં પાઁય ।

બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય ॥

– મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)



તારીખ ૩ .૯. ૨૦૨૨ ના રોજ મહેસાણા લાયન્સ ક્લબ દ્વારા રાજ ધાની ટાઉનશીપ માં બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરાયું એમાં લાયન્સ ઘટના પ્રમુખ દશરથભાઈ પટેલ સેક્રેટરી નિલય ભાઈ રાજેન્દ્રભાઈ સુરેશભાઈ રવિભાઈ ઉષાબેન વીણા બેન રાવલ રાજધાનીના રોહિતભાઈ પટેલ તેમજ સ્પોન્સર પટેલ દીપકભાઈ( પિસ્તોલ સાબુવાળા હાજર રહ્યા હતા.

# રેપ કેસના ભાગેડુ આરોપી નિત્યાનંદે સારવાર માટે શ્રીલંકાનું શરણું માગ્યું

નવીદિલ્હી, તા.૩


રેપ કેસમાં ભાગેડુ આરોપી નિત્યાનંદ ફરી એક વખત ચર્ચામાં છે. પોતાની જાતને ભગવાન તરીકે ઓળખાવતા વિવાદિત એવા આ કથિત ધર્મગુરૂએ પોતાના સ્વાસ્થ્યનો હવાલો આપીને શ્રીલંકામાં શરણું માગ્યું છે. નિત્યાનંદે ગત તા. ૭ ઓગષ્ટના રોજ શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને એક પત્ર લખ્યો હતો અને ‘કૈલાસા‘માં પૂરતી મેડીકલ સુવિધા ન હોવાના કારણે શ્રીલંકામાં શરણ આપવા અપીલ કરી હતી. શ્રીલંકન સરકારના સૂત્રો દ્વારા મળતા અહેવાલો પ્રમાણે બળાત્કારનો આરોપી નિત્યાનંદ ગંભીરરૂપે બીમાર છે અને તેને સારવારની ખૂબ જ જરૂર છે.

નિત્યાનંદે ત્રિનિદાદ પાસે બનાવેલા ‘કૈલાસા‘ નામના દેશના વિદેશ મંત્રી હોવાનો દાવો કરતા નિત્યપ્રેમાત્મા આનંદ સ્વામીએ શ્રીલંકન રાષ્ટ્રપતિને ઉદ્દેશીને પત્ર લખ્યો હતો. પત્રમાં લખ્યું હતું કે, ‘હિંદુ ધર્મના સર્વોચ્ચ પુજારી પરમ પાવન શ્રી નિત્યાનંદ પરમશિવમને એક ગંભીર મેડીકલ સમસ્યાને પગલે તાત્કાલિક સારવારની જરૂર છે. કૈલાસામાં ઉપલબ્ધ મેડીકલ સુવિધાઓનો ઉપયોગ કરવા છતાં ડોક્ટર્સ હજુ પણ તેમની બીમારીનું નિદાન કરવામાં અસમર્થ રહ્યા છે. એસપીએચ હાલ શ્રીકૈલાસા ખાતે છે અને ત્યાં આવશ્યક તબીબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. તેમને હાલ સારવારની ખૂબ જ ત્વરિત આવશ્યકતા છે.‘

ઉલ્લેખનીય છે કે, નિત્યાનંદ ભારતમાંથી ફરાર છે. તેણે કૈલાસા નામનો પોતાનો અલગ દેશ વસાવ્યો છે જ્યાંનો આગવો પાસપોર્ટ હોવાનો દાવો કરવામાં આવે છે. નિત્યાનંદ દ્વારા કરવામાં આવેલા દાવા પ્રમાણે વિશ્વનો કોઈ પણ હિંદુ ત્યાંની નાગરિકતા પ્રાપ્ત કરી શકે છે. રેપ કેસનો આરોપી નિત્યાનંદ ૨૦૧૮માં ભારત છોડીને ભાગી ગયો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No/0044

વિભાગ:- પદ્ય

શીર્ષક:- આદરમાન

આવો ગણેશજી બેસો ગણેશજી તમને આદરમાન છે,

અમ સૌનું રક્ષણ કરવાનાં તમને ઝાઝેરાં કામ છે .

આવો રિધ્ધિ સિધ્ધિ બેસો રિધ્ધિ સિધ્ધિ તમને આદરમાન છે,

અમ સૌનું કલ્યાણ કરવાનાં તમને ઝાઝેરાં કામ છે.

આવો મહાદેવજી બેસો મહાદેવજી તમને આદરમાન છે, અમ સૌનો સહારો બનવાનાં તમને ઝાઝેરાં કામ છે.

આવો ઉમિયાજી બેસો ઉમિયાજી તમને આદરમાન છે

અમ સૌને આશિષ આપવાનાં તમને ઝાઝેરાં કામ છે.

શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

**********************************

N.O.G. S.S. No 0102.

નામ:- રતીલાલ વાયડા

વિષય. :-. સંયોગ વિયોગ.

પ્રકાર. :- વાર્તા.( ગદ્યવિભાગ.)

શીર્ષક :-. ‘તૂટ્યો તાર’

રચના:-

પ્રકાશ અને અને આશાની જુગલ જોડી હતી. તેઓ ૧૨ વર્ષ થયા ખૂબ જ સુંદર દાંપત્ય જીવન જીવતા હતા. તેને એક પુત્ર અને પુત્રી હતા.

પ્રકાશ બાપદાદાનો ધંધો સંભાળતો હતો .આવક સારી હતી. સુખી પરિવાર હતો. તેઓ દર વર્ષે જુદા જુદા સ્થળોની યાત્રા અને મુલાકાત કરતા.

ચારધામ ,સાત પુરી ,અને અનેક સૌંદર્યના સ્થળોએ તેમજ પર્યટનના સ્થળે તેઓએ મુલાકાત લીધી હતી.

ખૂબ જ આનંદપૂર્વક જીવન જીવતા એટલું જ નહીં પણ બીજા લોકો તેને જ્યારે જોતા ત્યારે તેઓને આ બંનેના જીવનની ઈર્ષા થતી હતી. એકબીજાના પડછાયાની જેમ જિંદગી જીવતા હતા.તેઓનું સગા સંબંધીઓનું અને મિત્ર મંડળનું મોટું વર્તુળ હતું અને તેઓ વારંવાર મળતા ખાતા પિતા અને આનંદ કરતા હતા.

તેવામાં એક દિવસ આશાને ઓચિંતો હૃદય રોગનો હુમલો આવ્યો અને તેનું તાત્કાલિક મૃત્યુ થયું.

પ્રકાશ તેના બાળકો અને તેના કુટુંબીજનો ઉપર આ એક વજ્ર આઘાત હતો . પ્રકાશના જીવનનોએક તાર ઓચિંતો તૂટી ગયો . કોઈપણ જાતની બીમારી ન હોવા છતાં ખૂબ જ તંદુરસ્ત આશાને આ ઓચિંતો આ હુમલો કૈલાશધામ પહોંચાડી ગયો.

પ્રકાશને હવે વિયોગનો સામનો કરવાનો , ઘણી નાની ઉંમર ,બે બાળકો ની જવાબદારી , માતા પિતાની જવાબદારી ,આ બધાથી તે ભાંગી પડ્યો હતો.

આશાના મૃત્યુથી તેના જીવનમાં કરુણા વ્યાપી ગઈ તેને ક્યાંય ગમતું નથી . ૨૪ કલાક આશાની મગજમાં છબી ઊભી થતી હતી . તેની એક એક વસ્તુ જોઈ અને તે વિહર થી ઝુરતો હતો. ઘર ખાવા ધાતુ હતું. તેને ખાવું પીવું હળવું ફરવું હરામ થઈ ગયું. કોઈ ધંધામાં પણ રસ નહીં ન રહ્યો હતો. બાળકોની ચિંતા તેને સતાવી રહી હતી અને આશાનો જીવનમાં ખાલીપો તેને અસહ્ય થઈ પડ્યો હતો.

કુદરતે તેને ક્રૂર તમાચો માર્યો હતો. તે પોતે મનમાં પસ્તાતો હતો કે મેં કોઈ દિવસે કોઈનું બુરું કર્યું નથી છતાં મારા તરફ આવો કુદરતનો કોપ શા માટે ?

આમ એક સુખી જોડું સંયોગ માંથી વિયોગમાં પલટાઈ ગયું. કેવો છે કુદરતનો કાનૂન? પહેલાં હસાવે આવે પછી રડાવે.

લેખક:- રતીલાલ વાયડા

નવીમુંબઈ૩/૯/૨૦૨૨.શનિવાર.

**********************************

NOG NO. S.S. 0059

વિષય શબ્દ: ’સંયોગ-વિયોગ’

પ્રકાર: ગદ્ય- લેખ.

શીર્ષક:’ ખરી અગ્નિ પરિક્ષા’

શબ્દ સંખ્યા:૨૭૦.

જયકાન્ત ઘેલાણી- ‘પ્યારે’

સંયોગ અને વિયોગ, ફકત ત્રણજ અક્ષરના બન્ને શબ્દો ,તેમા પણ બંન્ને શબ્દમા, યોગ સામાન્ય !

છતાં સં અને વિ વચ્ચેનો કેટલો વિરોધાભાષ !

સ સકારાત્મક તો

વિ વિરોધાભાસી !

આજછે ગૂજરાતીભાષાનો

વૈભવ!.

પ્યારે, કોઈ વિવેચકે લખ્યૂછે કે માનવજીવન મળવું અતિશય , અતિશય

દુર્લભ!,

દરેક માનવી જીવનમાં,છાસવારે આવતા સંયોગ અને વિયોગ ના કષ્ટદાયક પડાવો તો પાર કરવાનાજ ?

આજછે,માનવ જીવનની

અકલ્પનિય આગવી ખરી અગ્નિપરિક્ષા !

સકારાત્મક સંયોગ માનવજીવનમાં સૂખના ટકોરા પાડે ત્યાંજ,વિયોગ શબ્દનો વિવિરોધાભાષ સર્જવા, દરવાજે,પોતાના દસ્તક કરવાં

હાજરા હજૂર !

હાં, આ બધુ કર્માધિનછે,

પરંતુ આવેલા કર્મ ની આ પરિક્ષામા પાસ થવું એટલે ?

પ્યારે’,ધોર અંધારામા પ્રકાશ ની શોધ !

સંયોગ વિયોગ ની પરીક્ષા

માનવજીવનમાં અનિવાર્ય!

આ પરિક્ષા માં પાસ થવાં માટે

માનસિક હિમત સાથે,

પડશે તેવાં દેવાશે, ની આગવી તૈયારી વિશેષ જરૂરી બની રહેછે, આ તૈયારી સાથે રણમેદાનમાં ઉતરેલો કાળાં

માથાનો માનવી,

સંયોગ વિયોગ ને જરૂર પરાસ્ત કરી વિજેતાનો તાજ પહેરવા હક્કદાર બનેછે,

જગતનો તેજ સફળ સૂકાની બની રહેછે અને તેજ બને છે.

આજે સમસ્ત વિશ્ર્વની સામે

સંયોગ અને વિયોગ નું

જીવતુ જાગતું ઉદાહરણ એટલે

સમસ્ત વિશ્ર્વમા પ્રથમ ક્રમાંકે ઉભેલા આપણાં વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્યારે,એક સિંહ જંગલને ભારી! .

ચાલો યૂવાનો,હિમ્મત સાથે લડવા

ને,પ્યારે‘પરિસ્થિતિ સામે જીતવા

**********************************

NOG સાહિત્ય સરિતા

NG. NO. -- 39

વિષય - સંયોગ વિયોગ

પ્રકાર -- પદ્ય, અછાંદસ

શીર્ષક -- યોગાનુયોગ

રચના --

સંયોગનું હોવું જો હોય નસીબ પાધરું,
નસીબ પાધરું કરી નાંખે સઘળું સીધું,
પાડું પાસા આડેધડ, પડી જાય સીધાં,
નસીબની કેવી એ ઉપહાર લીલા!
પડે વીજળી માથે તોય બચી જાય માનવ!
મધદરિયે તોફાન તોય તરી જાય માનવ!
ક્ષમાભાવ હોય મનમાં તો થાય પાપનો ક્ષય!
યોગાનુયોગ હોય યોગ, રચાય સંયોગ!
સંયોગ ના હોય સીધાં આવી જાય વિયોગ!
વીજળી જેમ ત્રાટકી નાશ પામે સઘળું,
પળમાં મિલન,પળમાં આવી જાય જુદાઈ!
કરુણતાં કિસ્મતની લાવે વિદાય વસમી!

પ્રફુલ્લા ‘પ્રસન્ના’

# વિક્લી માર્કેટ રિપોર્ટ

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૬૩૨ અને ચાંદીમાં રૂ.૩,૬૬૬નો સાપ્તાહિક ધોરણે કડાકો

કોટનનો વાયદો ગાંસદીઠ રૂ.૮૩૦ તૂટ્યો: ક્રૂડ તેલ પણ બેરલદીઠ રૂ.૫૪૩ નરમ: મેન્થા તેલમાં સુધારો: સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૯૭૩૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૮૫૧૭ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૪૨૦ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૬ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બરના સપ્તાહ દરમિયાન ૨,૬૮૦,૯૬૬ સોદાઓમાં કુલ રૂ.૨૩૮,૬૬૯.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦૯૭૩૩.૨૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨૮૫૧૭.૦૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૪૦,૮૦૩ સોદાઓમાં કુલ રૂ.૫૦,૭૭૯.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૧,૬૩૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૬૮૫ અને નીચામાં રૂ.૪૯,૮૭૬ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૬૩૨ ઘટી રૂ.૫૦,૦૭૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯૮૮ ઘટી રૂ.૪૦,૨૯૮ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩૧ ઘટી રૂ.૫,૦૦૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૫૭૮ના ભાવે ખૂલી, રૂ.૧,૪૫૯ ઘટી રૂ.૫૦,૧૬૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૫,૪૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫,૮૬૫ અને નીચામાં રૂ.૫૧,૫૫૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૬૬૬ ઘટી રૂ.૫૧,૭૨૩ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૭૭૮ ઘટી રૂ.૫૩,૨૪૨ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩,૭૫૬ ઘટી રૂ.૫૩,૩૦૨ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૬,૪૯૦ સોદાઓમાં રૂ.૧૩,૯૯૯.૮૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૯.૬૦ ઘટી રૂ.૨૦૩.૨૫ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૨૬.૨૫ ઘટી રૂ.૨૯૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૫.૩૫ ઘટી રૂ.૬૩૩.૮૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૦૫ ઘટી રૂ.૧૭૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૬૭,૬૯૧ સોદાઓમાં કુલ રૂ.૪૪,૭૮૦.૬૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૪૭૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૭૭૦ અને નીચામાં રૂ.૬,૯૦૫ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૫૪૩ ઘટી રૂ.૬,૯૨૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩૦ ઘટી રૂ.૭૪૦.૭૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૬૨૩ સોદાઓમાં રૂ.૧૭૩.૪૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૮,૭૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૯,૪૨૦ અને નીચામાં રૂ.૩૭,૭૫૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૩૦ ઘટી રૂ.૩૮,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૧૦ વધી રૂ.૯૭૮.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯,૭૭૬.૧૩ કરોડનાં ૩૮,૮૯૫.૫૫૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૧,૦૦૩.૨૦ કરોડનાં ૫,૬૭૪.૪૨૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૮,૨૪૧.૪૭ કરોડનાં ૨૪,૮૪૧,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૬,૫૩૯ કરોડનાં ૩ ૬ ૦ ૨ ૪ ૦ ૦ ૦ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૪૯.૯૪ કરોડનાં ૩૭૦૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૩.૪૯ કરોડનાં ૨૪૧.૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૦૫૭.૪૩૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૩૨૦.૭૬૫ ટન, ક્રૂડ તેલમાં ૧૦૯૬૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૪૪૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૦૦૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૬૯.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૪૧૯.૫૭ કરોડનાં ૬,૦૪૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૪,૧૭૦ના સ્તરે ખૂલી, ૫૬૨ પોઈન્ટ ઘટી ૧૩,૬૧૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨૮,૫૧૭.૦૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૪૯૭.૦૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૧૬.૦૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૭,૬૧૬.૬૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪,૪૮૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

# એમસીએક્સના વાયદાઓની સાપ્તાહિક વધઘટ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | ખૂલી (રૂ.) | વધી (રૂ.) | ઘટી (રૂ.) | બંધ (રૂ.) | વધઘટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| બુલડેક્સ | ૨૩-૦૯-૨૨ | ૧ યુનિટ | ૧૪૧૭૦ | ૧૪૧૮૯ | ૧૩૫૫૩ | ૧૩૬૧૪ | -૫૬૨ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૦૯-૨૨ | ૮ ગ્રામ | ૪૧૨૭૭ | ૪૧૩૦૯ | ૪૦૨૦૦ | ૪૦૨૯૮ | -૯૮૮ |
| ગોલ્ડ-પેટલ | ૩૦-૦૯-૨૨ | ૧ ગ્રામ | ૫૧૩૪ | ૫૧૩૯ | ૪૯૯૭ | ૫૦૦૬ | -૧૩૧ |
| સોનું | ૦૫-૧૦-૨૨ | ૧૦ ગ્રામ | ૫૧૬૩૬ | ૫૧૬૮૫ | ૪૯૮૭૬ | ૫૦૦૭૦ | -૧૬૩૨ |
| સોનું-મિની | ૦૫-૦૯-૨૨ | ૧૦ ગ્રામ | ૫૧૫૭૮ | ૫૧૬૩૮ | ૪૯૯૯૦ | ૫૦૧૬૯ | -૧૪૫૯ |
| ચાંદી | ૦૫-૦૯-૨૨ | ૧ કિલો | ૫૫૪૫૦ | ૫૫૮૬૫ | ૫૧૫૫૧ | ૫૧૭૨૩ | -૩૬૬૬ |
| ચાંદી-માઈક્રો | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૫૭૧૨૩ | ૫૭૪૪૫ | ૫૨૬૬૬ | ૫૩૩૦૨ | -૩૭૫૬ |
| ચાંદી-મિની | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૫૭૦૫૧ | ૫૭૩૯૮ | ૫૨૬૦૫ | ૫૩૨૪૨ | -૩૭૭૮ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૨૧૩ | ૨૧૭.૨૫ | ૨૦૨ | ૨૦૩.૨૫ | -૯.૬ |
| જસત | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૩૨૦.૯ | ૩૨૨.૮૫ | ૨૯૦.૯ | ૨૯૧.૯૫ | -૨૬.૨૫ |
| તાંબુ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૬૮૧.૭૫ | ૬૮૫.૯૫ | ૬૩૨.૭ | ૬૩૩.૮૫ | -૪૫.૩૫ |
| સીસું | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૧૮૦.૯ | ૧૮૧.૪ | ૧૭૫.૩૫ | ૧૭૫.૫૫ | -૫.૦૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૯-૨૨ | ૧ બેરલ | ૭૪૭૨ | ૭૭૭૦ | ૬૯૦૫ | ૬૯૨૭ | -૫૪૩ |
| નેચરલ ગેસ | ૨૭-૦૯-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૭૫૯.૯ | ૭૬૯.૩ | ૭૦૨.૮ | ૭૪૦.૭ | -૨.૩ |
| કોટન | ૩૧-૧૦-૨૨ | ૧ ગાંસડી | ૩૮૭૫૦ | ૩૯૪૨૦ | ૩૭૭૫૦ | ૩૮૦૨૦ | -૮૩૦ |
| મેન્થા તેલ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૯૭૩.૫ | ૯૮૩ | ૯૬૭ | ૯૭૮.૮ | ૭.૧ |

**સપ્તાહના ટોપ-૧૦ વધનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ**

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| સીસું | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૧૮૧.૭ | ૧૭૮.૨ | ૩.૫ | ૧.૯૬ |
| મેન્થા તેલ | ૩૧-૧૦-૨૨ | ૧ કિલો | ૯૯૪.૨ | ૯૮૬.૧ | ૮.૧ | ૦.૮૨ |
| મેન્થા તેલ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૯૭૮.૮ | ૯૭૧.૭ | ૭.૧ | ૦.૭૩ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૧૧-૨૨ | ૮ ગ્રામ | ૪૦૬૧૦ | ૪૦૫૩૨ | ૭૮ | ૦.૧૯ |
| કોટન | ૩૦-૧૨-૨૨ | ૧ ગાંસડી | ૩૫૬૯૦ | ૩૫૬૯૦ | ૦ | ૦ |
| નેચરલ ગેસ | ૨૭-૦૯-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૭૪૦.૭ | ૭૪૩ | -૨.૩ | -૦.૩૧ |
| નેચરલ ગેસ | ૨૬-૧૦-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૭૪૬.૨ | ૭૪૮.૮ | -૨.૬ | -૦.૩૫ |
| ગોલ્ડ-પેટલ | ૩૦-૧૨-૨૨ | ૧ ગ્રામ | ૫૦૮૭ | ૫૧૧૫ | -૨૮ | -૦.૫૫ |
| નેચરલ ગેસ | ૨૫-૧૧-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૭૫૮.૬ | ૭૭૧.૩ | -૧૨.૭ | -૧.૬૫ |
| કોટન | ૩૦-૧૧-૨૨ | ૧ ગાંસડી | ૩૫૮૧૦ | ૩૬૫૫૦ | -૭૪૦ | -૨.૦૨ |

**સપ્તાહના ટોપ-૧૦ ઘટનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ**

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| જસત | ૩૧-૧૦-૨૨ | ૧ કિલો | ૨૯૦.૬૫ | ૩૧૭.૨૫ | -૨૬.૬ | -૮.૩૮ |
| જસત | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૨૯૧.૯૫ | ૩૧૮.૨ | -૨૬.૨૫ | -૮.૨૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૯-૨૨ | ૧ બેરલ | ૬૯૨૭ | ૭૪૭૦ | -૫૪૩ | -૭.૨૭ |
| ક્રૂડ તેલ | ૧૮-૧૧-૨૨ | ૧ બેરલ | ૬૯૪૬ | ૭૪૮૯ | -૫૪૩ | -૭.૨૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૧૦-૨૨ | ૧ બેરલ | ૬૯૨૬ | ૭૪૬૦ | -૫૩૪ | -૭.૧૬ |
| ચાંદી | ૦૫-૧૨-૨૨ | ૧ કિલો | ૫૨૬૦૨ | ૫૬૪૭૩ | -૩૮૭૧ | -૬.૮૫ |
| ચાંદી | ૦૩-૦૩-૨૩ | ૧ કિલો | ૫૩૫૨૦ | ૫૭૪૫૨ | -૩૯૩૨ | -૬.૮૪ |
| ચાંદી-મિની | ૨૮-૦૪-૨૩ | ૧ કિલો | ૫૫૦૬૧ | ૫૯૦૨૭ | -૩૯૬૬ | -૬.૭૨ |
| તાંબુ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૬૩૩.૮૫ | ૬૭૯.૨ | -૪૫.૩૫ | -૬.૬૮ |
| ચાંદી-મિની | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૫૩૨૪૨ | ૫૭૦૨૦ | -૩૭૭૮ | -૬.૬૩ |

# રસ્તાઓ સ્થળને જ નહીં માણસોને પણ એકબીજાથી જોડે છે: રૂ.૧૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ દાંતા-અંબાજી ફોરલેન રસ્તાથી માઇભક્તોની સુવિધામાં વધારો થયો

**રાજ્ય સરકારના સક્રિય પ્રયાસોથી યાત્રાધામ અંબાજી પ્રવાસન ધામ તરીકે વિકસી રહ્યું છે**

**અંબાજી રસ્તા પર ત્રિશુળીયા ઘાટનો વ્યું પોઇન્ટ પદયાત્રીઓ માટે આકર્ષણનું કેન્દ્ર**



અંબાજી ,

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે તા. ૫ મી સપ્ટેમ્બરથી ૧૦ મી સપ્ટેમ્બર સુધી યોજાનાર ભાદરવી પૂનમના મહામેળાને આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે માઈભક્તોમાં અંબાજી પગપાળા ચાલીને જવાનો અનેરો ઉત્સાહ અને થનગનાટ છે. ભાદરવી પૂનમના મેળામાં અંબાજી ચાલીને જવાનો મહિમા હોવાથી આ વિસ્તારના રસ્તાઓ ખુબ સારા હોવા જરૂરી છે. રસ્તાઓ સ્થળને જ નહીં પરંતુ માણસોને પણ એકબીજાથી જોડે છે. અંબાજી પદયાત્રા કરીને આવતા માઈભક્તોને કોઈ તકલીફ કે મુશ્કેલી ન પડે તે માટે રૂ. ૧૨૦ કરોડના ખર્ચથી તૈયાર થયેલ દાંતા-અંબાજી ફોરલેન રસ્તાથી પદયાત્રિકોની સુવિધામાં વધારો થયો છે. યાત્રાધામ અંબાજીને જોડતા દાંતાથી અંબાજી સુધીના ૨૨ કિ.મી.નો રસ્તો ફોરલેન બનતા યાત્રિકોને મેળા દરમ્યાન મોટી સહુલીયત મળશે. અગાઉ અંબાજી આવતા ખાનગી વાહનો દાંતાથી રોકી દેવામામાં આવતા હતા. જે હવે અંબાજીથી ૩ કિલોમીટર પહેલાંના ગેટ પાસે ન્યુ કોલેજ સુધી વાહનો લઈને જઇ શકાશે. અંબાજી રસ્તા પર ત્રિશુળીયા ઘાટ ઉપર બનાવાયેલ સેલ્ફી પોઇન્ટ અને વ્યું પોઇન્ટ પદયાત્રિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ત્રિશુળીયા ઘાટ ખાતે સુંદર વ્યું પોઇન્ટની સુવિધાથી આ જગ્યાએ પરિવાર સાથે બાળકો, યુવાનો અને વડીલો, સોળે કળાએ ખીલેલા લીલાછમ્મ ડુંગરાઓની વચ્ચે અંબાજી જતા-આવતા સમયે રોકાઈને હરીયાળીને માણી શકે છે તેમજ ફોટોગ્રાફીનો આનંદ માણી શકે છે. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રએ મેળાને ધ્યાનમાં રાખી ડાબી બાજુ તરફનો રસ્તો પદયાત્રિકો માટે જ્યારે જમણી બાજુ તરફના રસ્તા પર વાહનોની અવરજવર ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લખનીય છે કે, સમગ્ર દેશ અને દુનિયાભરના શ્રધ્ધાળુઓ અંબાજી આવી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. અંબાજીમાં દેશ- વિદેશથી આવતા યાત્રાળુંઓની સુવિધાઓમાં વધારો કરવા રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ત્રણ વર્ષ અગાઉ આ રસ્તો મંજુર કરવામાં આવ્યો હતો. અમદાવાદથી અંબાજી, ડીસા- પાલનપુર થી અંબાજી, હિંમતનગરથી અંબાજી અને ઉત્તર ગુજરાતમાં અંબાજીને જોડતા રસ્તાઓને ચારમાર્ગીય બનાવવામાં આવ્યાં છે. પર્વતવાળા અને ડુંગરીયાળ વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ખુબ ઝડપથી રસ્તાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારશ્રીના સક્રિય પ્રયાસોથી યાત્રાધામ અંબાજી પ્રવાસન ધામ તરીકે વિકસી રહ્યું છે. અંબાજીમાં હરવા- ફરવા સહિત પ્રવાસનની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દાંતાથી અંબાજી રોડ પર ભૂતકાળમાં ત્રિશુળીયા ઘાટ ખાતે અવાર- નવાર અકસ્માતો થતાં હતા હવે આ રસ્તો ફોરલેન બનવાથી અકસ્માતોને પણ નિવારી શકાય છે સાથે યાત્રાળુંઓની સુરક્ષામાં વધારો થયો છે.

**અંબાજી યાત્રાધામને જોડતા તમામ રસ્તાઓ ફોરલેન બનવાથી પદયાત્રિકોની સવલતોમાં વધારો**

રાજયના યાત્રાધામોને જોડતા રસ્તાઓને ફોરલેન બનાવવાની રાજ્ય સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી તે અનુસાર યાત્રાધામ અંબાજીને જોડતા રસ્તાઓ પાલનપુર- દાંતા- અંબાજી, વિસનગર- ખેરાલુ- આંબાઘાંટા- દાંતા- અંબાજી અને હિંમતનગર- ઈડર- ખેડબ્રહ્મા- ખેરોજ- અંબાજી તમામ રસ્તાસઓને ફોરલેન બનાવવાનું કામ પૂર્ણ થયું છે. ફોરલેન રસ્તાઓ બનવાથી અંબાજી આવતા યાત્રિકોને ખુબ સારી સુવિધા મળતી થઈ છે તે સાથે આ વિસ્તારના લોકોને ફોરલેન રસ્તાઓ બહુ ઉપયોગ નિવડી રહ્યા છે જેનાથી આ વિસ્તારની વિકાસકૂચ વેગવંતી બનશે.

# ચાણસ્મા ના દાણોદરડા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના દાણોદરડા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિવિધ લાભાર્થીઓએ તમામ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો તેમ જ આ પ્રસંગે અધિકારીઓ તેમજ પદા અધિકારીઓ સહિતના ગામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મળતી વિગતો અનુસાર ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ઠેર ઠેર અંતરિયાળ ગામો તેમજ વિવિધ ગામોમાં લાભાર્થીઓને ઘર બેઠા સુવિધા મળી રહે તે માટે દરેક ગામની અંદર સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો હોય છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ના દાણોદરાડા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં આયુષ્યમાન કાર્ડ, આવક ના દાખલા, આધારકાર્ડ, રેશનકાર્ડ સહિતની કામગીરી ઘરબેઠે કરવામાં આવી હતી અત્રે યોજાયેલ કાર્યક્રમમાં ચાણસ્મા તાલુકા મામલતદાર શ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી લક્ષ્મીબેન ઠાકોર, ભારતીય જનતા પાર્ટીના આગેવાન મુકેશભાઈ પટેલ ઉર્ફે દાઢી,ભાજપ મહામંત્રી કિરણભાઈ જાની, બક્ષીપંચ મોરચાના વિનયસિંહ ઝાલા, વિક્રમસિંહ ઠાકોર, વિષ્ણુભાઈ પટેલ, જે વી પટેલ, બાબુલાલ પટેલ, રાકેશભાઈ પરમાર,સહિતના આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહી સેવા સેતુ ને સફળ બનાવ્યો હતો તેમ જ વિવિધ લાભાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

# ગુજરાત હાઇકોર્ટનો આખરી આદેશ થી કામદાર આલમ માં આનંદની લાગણી

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ મકાન અને માર્ગ વિભાગ પંચાયત તેમજ સ્ટેટ વિભાગના પાંચ કામદારોને નિવૃત્તિની તારીખથી પેન્શન તથા પેન્શન તફાવત ગ્રેજ્યુએટી રજાઓ તથા મળવા પાત્ર તમામ લાભો ચૂકવી આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ થી કામદાર આલમ માં આનંદની લાગણી. પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ મકાન અને માર્ગ પંચાયત મા વર્ષોથી ફરજ બજાવતા કામદાર લલ્લુ ભુલા પરમાર રણછોડ મયજી સોલંકી લલ્લુ બાપુ પરમાર અને માર્ગ મકાન સ્ટેટ મા કાભસિંહ ગલા બારીયા અને મહીજી કાળુ સોલંકી વિગેરે લાંબા સમયની રોજમદાર તરીકે નોકરી બાદ ૬૦ વર્ષ ની નોકરી પૂર્ણ થતા સરકારશ્રીના નિયત કરેલી નિયમો મુજબ તેઓની વર્ષ ૨૦૦૫ માં નિવૃત કરવામાં આવે નિવૃત્તિ સમયે તેઓને નિયત કરેલ નિયમો અનુસાર પેન્શન ગ્રેજ્યુટી રજાઓ અને મળવાપાત્ર તમામ પ્રકારના હક્કો ચૂકવવાની જોગવાઈ હોવા છતાં સરકાર શ્રી તરફથી તેઓને કોઈપણ પ્રકારના નાણાકીય હકો ચૂકવવામાં આવેલ ન હતા જે થકી પાંચ કામદારો નારાજ થઈ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ એસ ભોઈ ને મળી તેમને થયેલા ન્યાય બાબતે રજૂઆત કરેલ ફેડરેશન દ્વારા સરકાર ના લાગતા વળગતા અધિકારીઓને નિવૃત્તિ બાદના લાભો ચૂકવી આપવા બાબતે નોટિસ પાઠવે પરંતુ તે બાબતે સરકાર શ્રી તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો જેને લઈ પાંચ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તેમને થયેલ અન્યાય બાબતે એસ સી એ નંબર ૬૨૫૪/૧૯ દાખલ કરી એ કેસે લગતા તમામ દસ્તાવેજી પુરાવા નામદાર અદાલત સમક્ષ રજુ કરેલ તે તમામ દસ્તાવેજો ધ્યાને ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવ સાહેબે તારીખ ૧૭/૮/૨૨ આ પાંચ કામદારોને નિવૃત્તિની તારીખથી પૂરેપૂરું પેન્શન પેન્શન તફાવત ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ અને મળવાપાત્ર તમામ પ્રકારના લાભો ચૂકવવાનો આખરી આદેશ કરતા પાંચ પરિવારોને લાંબા સમય બાદ પેન્શન યોજનાનો લાભ મળતા પરિવારમાં આનંદ છવાયો છે તેમ જ માર્ગ અને મકાન પંચાયત અને સ્ટેટના કામદારોએ આ હુકમને આવકારી ફેડરેશન નો આભાર માનેલ છે.

પ્રમુખશ્રી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ પંચ.

એ.એસ ભોઈ

# ગાંધીનગરમાં ૧૦૦ ટકા ગ્રીન હોમ્સ પ્રોજેક્ટ પ્રમુખ ઓમકાર રિવન્તાની રજૂઆત




ગાંધીનગર, તા. ૩ સપ્ટેમ્બર ૨૦૨૨ : ગુજરાતના પાટનગર ગાંધીનગર શહેરમાં ગ્રીન હોમ્સ પ્રોજેક્ટ પ્રમુખ ઓમકાર રિવન્તા આકાર લઈ રહ્યો છે. રાંદેસણમાં ધોળેશ્વર મહાદેવ રોડ પર આકાર લઈ રહેલા પ્રમુખ ઓમકાર રિવન્તાનું નિર્માણ ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (આઈજીબીસી)નાં ધોરણોને અનુરૂપ થયું છે અને તે શહેરનો પ્રથમ પ્લેટીનમ રેટેડ ગ્રીન પ્રોજેક્ટ થશે. આ પ્રોજેક્ટનું સૌથી વધુ આકર્ષક પાસુ એ છે જે જેમાં ૬૫ ટકા પ્લોટ એરિયા ખુલ્લો મળે છે. ઉપરાંત આ પ્રોજેકટમાં ત્રણ સાઈડ ખુલ્લી હોવાથી હવા ઉજાસ માટે તે આદર્શ સ્થળ બની રહે છે. પ્રમુખ ઓમકાર રિવન્તા પ્રોજેક્ટના ડેવોલપરો યુવા ઉત્સાહી અને દૂરંદેશીતા ધરાવતા પર્યાવરણ પ્રેમીઓ છે. આ પ્રોજેક્ટના સેમ્પલ હાઉસનું આવતીકાલ તા. ૪ સપ્ટેમબરથી લોચીંગ થઈ રહ્યું છે. મેટ્રો રેલ્વે સ્ટેશનથી આ પ્રોજેક્ટનું અંતર માત્ર ૫ મિનીટનું છે.

ગ્રીન હોમનાં દશ્યમાન અને અદશ્ય એમ અસંખ્ય ફાયદાઓ છે. સૌથી મોટામાં મોટો ફાયદો પાણી અને ઓપરેટિંગ એનર્જી ખર્ચનો છે, જે પ્રથમ દિવસથી બિલ્ડીંગમાં જીવનકાળ દરમિયાન ઓછામાં ઓછા રહે છે. સામાન્ય બિલ્ડીંગની સરખામણીમાં ગ્રીન હોમમાં ઊર્જાની ૨૦ ટકાથી ૩૦ ટકા જેટલી બચત અને પાણીમાં ૩૦ ટકાથી ૫૦ ટકા જેટલી બચત થાય છે. આ ઉપરાંત ગ્રીન હોમમાં હવાની ગુણવત્તા વધારે સારી મળે છે અને દિવસમાં સુંદર પ્રકાશ રહે છે. આ પરિબળોને કારણે ગ્રીન હોમમાં રહેનાર પરિવારની તંદુરસ્તી ઘણી જ સારી રહે છે.

પર્યાવરણને અનુકૂળ એવા ગ્રીન બિલ્ડીંગ નિર્માણનું પ્રચલન ગુજરાતમાં વધી રહ્યું છે. ગ્રીન બિલ્ડીંગ્સમાં ઓછામાં ઓછી ઉર્જા, પાણી અને કુદરતી સંશોધનોનાં વપરાશને કારણે વેસ્ટનું પ્રમાણ નજીવું રહે છે, જેથી સ્ટાન્ડર્ડ બિલ્ડીંગની સરખામણીમાં ગ્રીન બિલ્ડીંગમાં રહેતા લોકોની તંદુરસ્તી પણ સારી જળવાય છે.

પ્રમુખ ઓમકાર રિવન્તા ગાંધીનગરનો પ્રથમ પ્લેટીનેમ રેટેડ ગ્રીન બિલ્ડીંગ પ્રોજેક્ટ બનશે. પ્રમુખ ઓમકાર રિવન્તા વિશે માહિતી આપતા ઓમકાર ગ્રુપનાં ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, પ્રમુખ ઓમકાર રિવન્તામાં ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલનાં ધારાધોરણોનો ચુસ્તતાથી અમલ કરવામાં આવ્યો છે. બિલ્ડીંગમાં ગરમી ઓછી રહે તે માટે ધાબા પર ૧૦૦ ટકા ચાઈના મોઝેકનો વપરાશ, પાણીનાં ચાલુ વપરાશ અને ભવિષ્યના વપરાશ માટે ૧૦૦ ટકા રેઈન વોટર હાર્વેસ્ટીંગ રૂફ અને નોનરૂફ, ગ્રીન હોમ્સનાં સભ્યો પર કોમન લાઈટીંગનું ભારણ ઓછું રહે તે માટે કોમન એરિયા લાઈટીંગ્સમાં સોલાર સિસ્ટમ, પાણીનો બચાવ થાય તે પ્રમાણે લેન્ડસ્કેપ વિસ્તારનું ડિઝાઈનીંગ અને પ્લાન્ટસનો ઉછેર તેમજ સીએફસી, એચસીએફસી મુક્ત કોમન વિસ્તારોમાં એરકન્ડીશનીંગ સિસ્ટમ વગેરે જેવા આકર્ષણોનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટનાં નિર્માણમાં પર્યાવરણને સહેજ પણ નુકશાન ના પહોંચે તેની કાળજી રાખવામાં આવી છે.

ઉદાહરણ તરીકે સ્ટીલ, સિમેન્ટ, રેતી, એલ્યુમિનિયમ જેવા બાંધકામોના કચરાને ધરતીને નુકશાન ના થાય તેવી રીતે યોગ્ય નિકાલ કરવામાં આવ્યા છે અને રિસાયકલ કન્ટેન્ટ મટિરિયલ્સ મેળવવામાં આવશે. સિમેન્ટ, આરએમસી, સ્ટ્રકચર સ્ટીલ, માર્બલ કમ્પોઝીંટ ફલોરીંગ અને વુડ મટિરીયલ્સનો ૪૦૦ કિમીનાં વિસ્તારમાંથી જ મેળવાયું છે. જેથી કાબર્નનું પ્રદુષણ અટકી શકે.

પ્રમુખ રિવન્તામાં લિવીંગ સ્પેસીઝ, કિચન્સ વગેરેમાં ૩૦ ટકાથી પણ વધુ ફ્રેશ એર વેન્ટીલેશન મળે છે. આ પ્રોજેક્ટમાં બિલ્ડીંગમાં ઈન્ટિરયર્સ અને સિલીંગ્સમાં ૧૦૦ ટકા લો વોલેટાઈલ, ઓર્ગેનીક કમ્પાઉન્ડ પેઈન્ટસ, કોટીંગ્સ, એડહેસિવ્સ અને સિલન્ટસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રમુખ ઓમકાર રિવન્તામાં ગેસ્ટ રૂમ્સ, સ્વીમીંગ પુલ, લિલી પોન્ડ, બોક્ષ ક્રિકેટ, હોમ થિયેટર, મલ્ટી યુઝ સ્પોર્ટસ કોર્ટ, ઝુલા બેઠક, સ્કેટીંગ રીંક, ૧૦૦ વ્યક્તિની ક્ષમતા સાથેનો મલ્ટીપરપઝ હોલ, જીમનેશિયમ, યોગા અને મેડિટેશન હોલ, વોટરબોડી, મિટીંગ રૂમ, જોગીંગ ટ્રેક, નાના બાળકોનાં રમવા માટેનો વિસ્તાર, નો વ્હીકલ ઝોન, ઈન્ડોર ગેમ્સ, વિકસિત ટેરેસ અને ફોયર, ગઝેબો, અને ડ્રોપ ઓફ ઝોન જેવી અસંખ્ય સુવિધાઓ છે, જે આ પ્રોજેક્ટને રહેવા માટે શ્રેષ્ઠ બનાવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રમુખ ઓમકાર રિવન્તા કુલ ૨૭૮ યુનિટસનો ગ્રીન હોમ્સ પ્રોજેકટ છે.

આ પ્રોજેક્ટનું અન્ય આકર્ષણ તેનું સ્થળ પણ છે. રાંદેસણ સ્થિત પ્રમુખ ઓમકાર રિવન્તાથી મેટ્રો સ્ટેશન માત્ર પાંચ મિનીટમાં ચાલીને જઈ શકાય છે. ઉપરાંત સિનેમા, ઈન્દ્રોડા પાર્ક તેમજ સુપર માર્કેટ માત્ર પાંચ મિનીટ, ટીસીએસ આઈટી કેમ્પ્સ અને ઈન્ફોસિટી આઈટી પાર્કમાં સાત મિનિટ, ગિફ્ટ સિટી, ગાંધીનગર રેલ્વે સ્ટેશન અને લીલા હોટલ, સ્કૂલ ઓફ આર્ચાઈર્વ્સ, અને એનઆઈડી, પીડીપીયુ, જીએનએલયુમાં માત્ર ૧૦ મિનીટનાં અંતરે પહોંચી શકાય છે. આ પ્રોજેકટનાં સ્થળથી એપોલો હોસ્પિટલ માત્ર ૧૫ મિનીટ અને અમદાવાદ એરપોર્ટ તેમજ મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ માત્ર ૨૦ મિનીટમાં પહોંચી શકાય છે.

વધુ માહિતી માટે સંપર્ક

ધવલ – ૯૯૭૪૭ ૭૭૭૯૦

# ગાંધીનગર જિલ્લામાં ૧ લાખથી વધુ પશુઓને લમ્પી રોગથી સુરક્ષિત કરતી રસી અપાઈ

**માણસાના અંબોડ ગામમાં અઠવાડિયા અગાઉ શંકાસ્પદ લમ્પીના ચિહ્નો ધરાવતા પશુઓનું આરોગ્ય તંદુરસ્ત : અંબોડ ગામમાં ૨૩૦થી પશુઓનું રસીકરણ કરાયું**

ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અંબોડ ગામમાં ૨૪ પશુઓને અઠવાડિયા અગાઉ લમ્પીના શંકાસ્પદ ચિહ્નો જોવા મળ્યા હતા. હાલમાં તમામ પશુઓ સ્વસ્થ અને તંદુરસ્ત છે. ગાંધીનગર જિલ્લામાં તા.૩૧મી ઓગસ્ટની સુધીમાં ૧ લાખ કરતાં વધુ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે, તેવું ગાંધીનગર જિલ્લા પશુપાલન અધિકારી શ્રી એસ.એ.પટેલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પશુપાલન અધિકારીશ્રીએ જણાવ્યું છે કે,અંબોડ ગામમાં ૨૪ પશુઓમાં અઠવાડિયા અગાઉ લમ્પીના શંકાસ્પદ ચિહ્નાનો દેખાયા હતા. જેથી તા. ૧૭, ૧૮, ૨૦ અને ૨૨ ઓગસ્ટના રોજ અંબોડ ગામના કુલ- ૨૩૦ પશુઓ અને આનંદપુરા અંબોડ ખાતે ૩૦૦ પશુઓ મળી કુલ- ૫૩૦ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. પશુપાલન અધિકારીશ્રીએ ઉમેર્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં લમ્પી રોગ વિરોધી રસીકરણની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તા. ૩૧મી ઓગસ્ટ સુધીમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ૧૪,૩૭૫, દેહગામ તાલુકામાં ૧૧,૮૭૦, માણસા તાલુકામાં ૪૯,૫૯૦ અને ગાંધીનગર તાલુકામાં ૩૧, ૩૯૨ પશુઓને રસી આપવામાં આવી છે.

આ રસીકરણ અભિયાનમાં પશુપાલન ખાતા દ્વારા ૫૭,૭૫૨ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ દૂધસંઘ દ્વારા ૩૫,૬૪૫ પશુઓનું અને ખાનગી સંસ્થાઓ દ્વારા ૧૩,૮૩૦ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

# મહાનગરપાલિકા અને નગરપાલિકા શહેર કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન

માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે એ માટે મહાનગરપાલિકા અને નગરપાલિકા શહેર કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરેલ જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા.૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ શનિવારના રોજ સમય સવારે ૯.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાએ વોર્ડ નં.૬ માં શ્રી લીંબચ માતાજીના મંદિર,સેક્ટર-૧૩,ગાંધીનગર ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયેલ હતો. શહેરી નાગરિકોની સરળતાથી અને ઝડપી મળે તે હેતુથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સરકાર શ્રીના તમામ વિભાગોએ સેવા આપેલ હતી.

સેવાસેતુ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, વોર્ડ નં – ૦૬ ના માન.મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ હાજર રહેલ જેઓ દ્વારા તમામ વિભાગોના સ્ટોલની મુલાકાત લઇ પૃચ્છા કરેલ હતી અને કાર્યક્રમની સુંદર વ્યવસ્થા તેમજ સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતાં.

સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન નાગરિકો માટે જરૂરી તમામ અરજી ફોર્મની નિશુલ્ક વ્યવસ્થા કરવામાં આવેલ હતી.આ કાર્યક્રમ દરમિયાન અંદાજિત ૫૫૦૦ જેટલી જનમેદની ઉપસ્થિત રહેલ અને જુદા જુદા વિભાગોને લગતી ૧૨૩૨ અરજીઓ આવેલ હતી. જેમાંથી તમામ અરજીઓનો સકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે. અને સેવાસેતુ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે.

આ ઉપરાંત સેવાસેતું કાર્યક્રમમાં નવી બે સુવિધા પૂરી પાડવામાં આવી હતી જેમાં સૌપ્રથમ વખત ચુંટણી કાર્ડમાં સુધારો અને ઇ શ્રમ કાર્ડની સુવિધા આપવામાં આવી હતી. જેનો નાગરિકોએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગર શહેરી વિસ્તારમાં કોઇ વ્યક્તિઓ મંડળી બનાવી સરઘસ, રેલી કાઢવા પર પ્રતિબંધ મુકતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર શહેરી વિસ્તારમાં કોઇ વ્યક્તિઓ મંડળ બનાવી સરઘસ- રેલી કાઢવા પર તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી જાહેરનામું બહાર પાડી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા મનાઇ ફરમાવવામાં આવી છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી આર.ડી.સિંહે જણાવ્યું છે કે, ગાંધીનગર ગુજરાતનું પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરી, ઉભોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ.કવાર્ટસ, શાળા- કોલેજો જેવી સરકારી ઇમારતો આવેલી છે. ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા તથા આવેદનપત્ર આપવા સારું પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી, સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતા જતા હોય છે. ઘ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોય છે. જેથી ગાંધીનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે ખૂબ જરૂરી છે. કાયદો- વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર તરીકે મળેલ સત્તાની રૂએ તા. ૦૩ થી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓ એક સાથે કોઇપણ જગ્યાએ ભેગા થઇ શકશે નહિ. કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે પણ મનાઇ ફરમાવવામાં આવે છે. આ હુકમ ફરજ પરના સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓને, ગૃહ રક્ષક દળની વ્યક્તિને, લગ્નના વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગું પડશે નહિ. તેમજ સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવેલ હોય તેમને લાગું પડશે નહિ. આ જાહેરનામામાં ફક્ત ઉપવાસીઓ માટે સેક્ટર-૬ના પોલીસ સ્ટેશનના પાછળના ભાગે એન્ટ્રી રોડને અડીને લગભગ ૭૦ મી ટ ૫૦ મી. વિસ્તાર, સરકારી કાર્યક્રમો માટે મહાત્મા મંદિર, સેકટર-૧૩, ટાઉનહોલ, સેકટર-૧૭, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર-૧૭અને સરકીટ હાઉસ, ગાંધીનગર પ્રતિબંધ સિવાયનો વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.



વન ડે વન ડીસ્ટ્રીકટ કાર્યક્રમ અંતર્ગત ભાવનગર જીલ્લા ખાતે રબ્બર ફેક્ટરી સર્કલ થી જવાહર મેદાન સુધી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબનો રોડ-શો તથા બાઈક રેલી યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં રાજ્યના સરકારના મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી,શ્રી આર.સી.મકવાણા,પ્રદેશ મહામંત્રી શ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ મંત્રીશ્રી રઘુભાઈ હુંબલ,રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી ભારતીબેન શિયાળ,ભાવનગર જીલ્લા પ્રમુખશ્રી મુકેશભાઈ લંગાળીયા તેમજ ધારાસભ્યશ્રીઓ,જીલ્લા પ્રભારીશ્રીઓ,જીલ્લા મહામંત્રીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK